તેજી હોય કે પછી મંદી

બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો
તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ
કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે
અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સામાહિક

ધી ઇકોનોમિક રેવલ્યૂશન

ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ

વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in

email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા
આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું
ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

નિર્મલા મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જી. જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

NIRMAL METRO

Wednesday
17.04.2024
Year 12, Issue 99

દૈનિક

● વર્ષ : ૧૨ ● અંક : ૯૯ ● તા.૧૭.૦૪.૨૦૨૪ ● બુધવાર ● આદ્ય સહતંત્રી : સ્વ. દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, જય મંગલ બીઆરટીએસ બસ સ્ટોપ સામે, ૧૩૨' રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મો. : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

● Year : 12 ● Issue : 99 ● Date : 17.04.2024 ● Wednesday ● Editor : NARENDRA G. JOSHI ● Page - 4 ● Price : Rs. 1/- ● Annual Sub - 300.
Regd. Office : H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. ● Mo. 98250 65387

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહારના ગયાથી રાષ્ટ્રીય જનતા દળ પર કર્યા આકરા પ્રહાર

બિહારની બરબાદી માટે આરજેડી ગુનેગાર

બજારની વાત

તા.૧૬.૦૪.૨૦૨૪

ઈન્ડેક્ષ

સેન્સેક્ષ

૭૨૯૪૩.૬૮ -૪૫૬.૧૦
-૦.૬૨ %

નિફ્ટી

૨૨૧૪૭.૯૦ -૧૨૪.૬૦
-૦.૫૬ %

કોમોડીટી

કુડ

૭,૧૪૩.૦૦ ૨૮.૦૦
૦.૩૯ %

સોનું

૭૩,૧૫૧.૦૦ ૮૭૪.૦૦
૧.૨૧ %

ચાંદી

૮૩,૬૦૭.૦૦ -૨૪૪.૦૦
-૦.૨૯ %

નેચરલ ગેસ

૧૩૯.૧૦ -૨.૨૦ -૧.૫૬ %

ચલણી નાણું

ડોલર / રૂપિયો

૮૩.૬૧૨૫ ૦.૧૪ ૦.૧૭ %

લાલુએ બિહારને માત્ર બે જ વસ્તુ આપી - પ્રથમ જંગલરાજ અને બીજું ભ્રષ્ટાચાર

ગયા,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩ દિવસમાં ત્રીજી વખત બિહાર આવ્યા છે. PM વિશેષ વિમાન દ્વારા ગયા એરપોર્ટ અને ત્યાંથી તેઓ ગાંધી મેદાન પહોંચ્યા હતા. ગયામાં પીએમ મોદીએ લાલુ પરિવાર અને આરજેડી પર નિશાન સાધતા કહ્યું કે આરજેડી બિહારમાં જંગલ રાજનો ચહેરો છે. ઘાસચારાની ચોરીને ગરીબોને લૂંટવામાં આવ્યા છે, તેના પર કોર્ટે મહોર મારી દીધી છે. આરજેડીએ બિહારને માત્ર બે જ વસ્તુ આપી - જંગલરાજ અને ભ્રષ્ટાચાર. આ લાલટેનના લોકો તમને આધુનિક યુગમાં જવા નહીં દે.

ગયામાં મોદીએ સભામાં સંબોધન કરતા કહ્યું- આરજેડી-કોંગ્રેસે દલિતો અને પછાત વર્ગોને છેતર્યા, અમે ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા. આ સભા બાદ આજે પૂર્ણિયામાં પણ પીએમ મોદીની ચૂંટણી સભા છે. ગયામાં મંચ પર પશુપતિ પારસ, એનડીએના ઉમેદવાર જીતનરામ માંઝી, તેમના પુત્ર અને મંત્રી સંતોષ સુમન, ડેપ્યુટી સીએમ વિજય સિન્હા, વજીરગંજના ધારાસભ્ય વીરેન્દ્ર સિંહ, હરિ માંઝી હાજર છે.

પીએમ મોદીએ અગાઉ ૪ એપ્રિલે જમુઈ અને ૭ એપ્રિલે નવાદામાં જાહેર સભાઓ કરી હતી. PM પૂર્ણિયા ૧૦ વર્ષ બાદ ચૂંટણી સભા કરવા આવી રહ્યા છે. અગાઉની બે મુલાકાતોમાં લાલુ પરિવાર વડાપ્રધાનના નિશાના પર રહ્યો છે. તેમણે જમુઈમાં લાલુના જંગલ રાજ, ભ્રષ્ટાચાર અને ઈન્ડી ગઠબંધન અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. નવાદામાં ૩૦ મિનિટના ભાષણમાં વડાપ્રધાને ભારત ગઠબંધન, રામ મંદિર, ટુકડે-ટુકડે ગેંગ, જંગલ રાજ અને ટ્રિપલ તલાક જેવા મુદ્દાઓ વિશે વાત કરી હતી.

ગયામાં અમારા સુપ્રીમો જીતનરામ માંઝી એનડીએના ઉમેદવાર છે. કુમાર સર્વજીત ભારતીય ગઠબંધન તરફથી આરજેડીની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે. મોદીએ કહ્યું કે, આ લોકો બંધારણ મામલે રાજકારણ કરી રહ્યા છે. બંધારણ સભાના ૯૦ ટકા સનાતની હતા જેમણે બાબા સાહેબને ટેકો આપ્યો હતો. આપણા માટે બંધારણ આસ્થાનું કેન્દ્ર છે.

લાલુ પરિવાર અને આરજેડી પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું કે આરજેડી બિહારમાં જંગલરાજનો ચહેરો છે. કોર્ટે પણ ઘાસચારાની ચોરી જાહેર કરી છે. આરજેડીએ બિહારને માત્ર બે વસ્તુ આપી - જંગલરાજ અને ભ્રષ્ટાચાર. આરજેડીના શાસનમાં લોકો ઘરની બહાર નીકળતા નહોતા. આરજેડીએ મોટી સંખ્યામાં બિહારના લોકોને બહાર જવા મજબુર કર્યા હતા.

પીએમએ વધુમાં કહ્યું કે તમે મને કહો, શું આવા લોકો એક પણ સીટ જીતવા લાયક છે. બિહારમાં તેઓ નીતિશજીના કામો અને કેન્દ્રના કામો પર પણ મત માંગે છે.

આ આભિમાની લોકોને ભગવાન રામથી પણ સમસ્યા છે. રામ મંદિર વિશે શું કહેવામાં આવે છે. આ લોકોએ રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના આમંત્રણને પણ ફગાવી દીધું હતું. આ આપણી સંસ્કૃતિ નથી. આ આપણી પરંપરા નથી. કોંગ્રેસના રાજકુમાર કહે છે કે તેઓ સનાતનની શક્તિનો નાશ કરશે. તેમના મિત્રો આપણા સનાતનને ડેન્ગ્યુ-મેલેરિયા કહે છે. શું આ સનાતનનું અપમાન નથી?

ગયામાં પીએમે કહ્યું કે અમારું કામ હજુ ટ્રેલર છે, દેશ માટે ઘણું કરવાનું બાકી છે. બિહાર માટે ઘણું કરવાનું બાકી છે. પીએમ મોદીએ ગયાને ૧૨ વિરાસતોમાંથી એક ગણાવ્યું હતું. પીએમ મોદીએ જણાવ્યું હતું કે અમારી સરકાર આ તમામ સ્થળોના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. ભારત તેના વારસાને વર્લ્ડ હેરિટેજમાં લઈ જશે. ગયા સ્ટેશનમાં પણ સુધારો કરવામાં આવી રહ્યો છે.

ગરીબો માટે ૩ કરોડ કાયમી મકાનો બનાવાશે. આ મોદીની ગેરંટી છે કે તમને આગામી ૫ વર્ષ સુધી મફત રાશન મળશે. આ મોદીની ગેરંટી છે કે ૭૫ વર્ષના વ્યક્તિને આરોગ્ય સુવિધાઓ મળશે.

એક કપ ચાની ફેશનેસનો મુકાબલો કોઈપણ ડ્રિંક ન કરી શકે. ભારતમાં ચાને લાવવાનો શ્રેય ભલે અંગ્રેજોને જાય, પરંતુ ભારતીયોની લાઈફસ્ટાઈલમાં તે એ રીતે ભળી ગઈ છે કે તેને કોઈ અલગ ન કરી શકે. ચા વિના તો ઘણા લોકોનો દિવસ પણ શરૂ નથી થતો. હિન્દી ભાષામાં તો ઘણા એવા શબ્દ છે, જેના વિશે આપણે નથી જાણતા કે તે અન્ય ભાષાઓમાંથી લેવામાં આવ્યો છે. તેમાંથી કેટલાંક સામાન અને કેટલીક ખાવા-પીવાની વસ્તુઓ પણ છે, જેને આપણે એવી જ રીતે ઉપયોગમાં લઈએ છીએ. તેમાંથી એક શબ્દ છે- ચા, જેની ઉત્પત્તિ વિશે ઓછા લોકો જાણે છે. મોટાભાગના લોકોને લાગે છે કે ચાનો આવિષ્કાર ભારતમાં જ થયો છે. જો કે એવું બિલકુલ નથી. 'ચા' અને 'ટી' બંને શબ્દ આ ખાસ પીણાને ડિફાઈન કરે છે. આ બંને શબ્દ એક જ ભાષામાંથી આવે છે, જેને દુનિયાભરમાં આ પોપ્યુલર ડ્રિંક માટે

ઉપયોગમાં લેવામાં આવે છે. હવે મુદ્દો એ છે કે અસલમાં આ કઈ ભાષાનો શબ્દ છે. તે મૂળ રૂપે ચીનમાં બોલાતી મંડેરિયન ભાષાનો શબ્દ છે. તેને ચીનમાં **"cha (?)"** કહેવામાં આવે છે. તે કોરિયા અને જાપાનમાં પણ આ રીતે જ કહેવામાં આવે છે અને જ્યાં પણ આ શબ્દ પહોંચ્યો, તેને ચા જ કહેવામાં આવ્યો. ચાને પારસીમાં **"Chaye"** કહેવામાં આવે છે, જે ઉર્દૂમાં ચાય બની ગયો. અરબીમાં **'Shay'**, રશિયનમાં **"Chay"**, સ્વાહિલી ભાષામાં તેનu **'Chai'** કહેવાય છે. આ જ રીતે **Tea** ને પણ અલગ-અલગ ભાષાઓમાં અલગ-અલગ નામે બોલવામાં આવે છે. રસપ્રદ વાત એ છે કે અંગ્રેજીનો ટી શબ્દ પણ ચીનમાંથી જ આવ્યો છે. ખરેખર ચીનના એક વિસ્તારમાં મિન નાન ભાષા બોલવામાં આવે છે, જ્યાં '?'નું ઉચ્ચારણ **'te'** થાય છે. અહીં વેપાર માટે આવતા લોકો તેને ટી બોલવા લાગ્યા અને તે બાકી જગ્યાઓ પર પણ ટી બોલવામાં આવ્યો.

બંગાળમાં મમતા બેનરજીએ રામનવમીની રજા જાહેર કરી

એજન્સી દ્વારા

કોલકાતા,તા.૧૬

લોકસભા ચૂંટણી નજીક આવતા જ હિન્દુ પ્રત્યે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી નો પ્રેમ ઉભરાઈ ગયો છે. એક સમયે શ્રીરામના નારાથી ભડકી જતા મુખ્યમંત્રીએ હવે આવતીકાલે રામનવમીના તહેવારો રાજ્યમાં જાહેર રજા **(Ram Navami Public Holiday)** રાખવાનો નિર્ણય કર્યો છે. રાજ્યમાં અત્યાર સુધી દુર્ગા પૂજા, કાળી પૂજા અને સરસ્વતી પૂજા જેવા તહેવારોમાં જાહેર રજાઓ રહેતી હતી અને રામનવમીના દિવસે તમામ સરકારી સંસ્થાઓ, સ્કૂલો-કોલેજો ચાલુ રહેતા હતા. જોકે હવે રામનવમીના દિવસે રાજ્યમાં જાહેર રજા રહેશે, તેથી પ્રથમવાર રાજ્યમાં રામનવમીના દિવસે તમામ સરકારી કાર્યાલયો અને સ્કૂલો-કોલેજો બંધ રહેશે.

મમતા બેનરજી અગાઉ જય શ્રીરામના નારા સાંભળી ભડકી જતા હતા. ઘણીવાર એવું પણ બન્યું છે કે, જ્યારે મુખ્યમંત્રી ચૂંટણી પ્રચારમાં હોય કે પછી ક્યાંક કાફલો લઈને નિકળ્યા હોય અને કેટલાક લોકો જયશ્રી રામના નારા લગાવતા તો તેઓ સૂત્રોચ્ચાર કરનારાઓના ક્લાસ લઈ લેતા હતા. તેમણે વિધાનસભા ચૂંટણીમાં જાહેરમાં દુર્ગા સ્ત્રોતનો પાઠ કરીને પોતે હિન્દુઓના પાક્કા સમર્થક હોવાનું દેખાડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે આ વખતે લોકસભા ચૂંટણીમાં તેઓ ફરી બદલાઈ ગયા છે અને હિન્દુ મતદારો તરફ વળ્યા છે. આ દરમિયાન તેમણે હિન્દુ મતદારોને રિઝવવા ઘણા મહત્વના નિર્ણયો પણ લીધા છે.

ભાજપ બંગાળમાં સતત મજબૂત થતાં મમતા બેનરજી સતર્ક થઈ ગયા છે. ગત લોકસભા ચૂંટણી અને ત્રણ વર્ષ પહેલા યોજાયેલ વિધાનસભા ચૂંટણીમાં ભાજપે વધુ બેઠકો મેળવી હતી. આ જ કારણે મમતા બેનરજી શ્રી રામના નારા પ્રત્યે નારાજગી દેખાડી રહ્યા નથી. આ ઉપરાંત અયોધ્યામાં શ્રી રામ મંદિરનું નિર્માણ થયા બાદ ભારતીયોમાં છવાયેલી ખુશીની અસર પણ પશ્ચિમ બંગાળમાં જોવા મળી રહી છે. સીએસડીએસના સર્વે મુજ દેશની લગભગ ૨૨ ટકા જનતાનું માનવું છે કે, ભાજપે રામમંદિરનું નિર્માણ કરાવી બહું મોટું કામ કર્યું છે. વિપક્ષે રામ મંદિરના ઉદઘાટન સમારોહમાં ભાગ ન લઈને ભુલ કરી હતી અને તેમાં મમતા બેનરજી પણ સામેલ હતા અને આ કારણે ઘણા હિન્દુઓ નારાજ થયા હતા.

છત્તીસગઢમાં ૨૯ નક્સલવાદીઓ ઠાર : ત્રણ સૈનિકો ઘાયલ

કાંકર,તા.૧૬

લોકસભા ચૂંટણી પહેલા છત્તીસગઢમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. પોલીસે કાંકર જિલ્લાના માડ વિસ્તારમાં ૨૯ નક્સલવાદીઓને ઠાર કર્યા છે. આમાં નક્સલવાદી નેતા શંકર રાવ પણ સામેલ છે. તમામના મૃતદેહો મળી આવ્યા છે.

બીએસએફના સૂત્રોના જણાવ્યા અનુસાર ૩૦ નક્સલવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. જો કે, હજુ સુધી ૧૨ની પુષ્ટિ થઈ નથી. આ અથડામણમાં **BSF** ઈન્સ્પેક્ટર રમેશ ચૌધરી સહિત ત્રણ જવાન ઘાયલ થયા છે. કાંકેર લોકસભામાં બીજા તબક્કામાં મતદાન થવાનું છે. આ માટે ઉમેદવારી ફોર્મ પણ ભરાયા છે. કાંકેરમાં ૨૬મી એપ્રિલે મતદાન થશે. તે જ સમયે, બસ્તર લોકસભામાં ૪ દિવસ પછી ૧૯ એપ્રિલે મતદાન થવાનું છે.

એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા શંકર રાવ અને લલિતા માડવી ડીવીસી રેન્કના નક્સલવાદી નેતાઓ હતા. બંને પર ૨૫-૨૫ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. પોલીસે ઘટનાસ્થળેથી ૪ ઓટોમેટિક હથિયારો પણ જપ્ત કર્યા છે.સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે સાડા પાંચ કલાક સુધી અથડામણ ચાલી હતી. ડીઆઈજી ઈન્ટેલિજન્સ આલોક કુમાર સિંહે જણાવ્યું કે, છેલ્લા કેટલાક દિવસોથી કાંકેર વિસ્તારમાં નક્સલવાદીઓની હિલચાલ અંગેના ઈનપુટ મળી રહ્યા હતા. આ પછી પોલીસ અને બીએસએફએ ઓપરેશનની તૈયારી કરી હતી. આ અંતર્ગત આજનું ઓપરેશન કરાયું હતું.

બપોરના એક વાગ્યાના સુમારે નક્સલવાદીઓને ઘેરી લેવાયા. એન્કાઉન્ટર બે વાગ્યે શરૂ થયું હતું અને સાંજે ૭.૩૦ સુધી ચાલ્યું હતું. આ દરમિયાન સુરક્ષા દળોએ નક્સલીઓના મૃતદેહ પણ કબજે કર્યા હતા.

અહીં કબીરધામ જિલ્લામાં નક્સલવાદીઓ વિશે માહિતી આપનાર અને તેમની ધરપકડ કરાવનારને ૫ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરવામાં આવી છે. ઈનામ સાથે એસપી અભિષેક પલ્લવે પોલીસ વિભાગમાં સરકારી નોકરીની પણ જાહેરાત કરી છે. માહિતી આપવા માટે હેલ્પલાઈન નંબર ૭૮૯૮૮ ૧૫૩૯૯ પણ જારી કરવામાં આવ્યો છે. આ માટે જવાનો ગામે-ગામે દિવાલો પર નક્સલવાદીઓની તસવીરોવાળા પોસ્ટર લગાવી રહ્યા છે.

દિલ્હી સીએમએ મોકલ્યો ઈમોશનલ મેસેજ

હું કેજરીવાલ દિલ્હીનો સીએમ છું, આતંકવાદી નથી

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૧૬

અરવિંદ કેજરીવાલે જેલમાંથી એવો સંદેશ મોકલ્યો છે કે, હું કેજરીવાલ દિલ્લીનો સીએમ છું, આતંકવાદી નથી. આમ આદમી પાર્ટી **(AAP)**ના રાજ્યસભા સાંસદ સંજય સિંહે મંગળવારે (૧૬ એપ્રિલ) કહ્યું કે, દિલ્હીના મુખ્યમંત્રીએ જેલમાંથી લોકોને સંદેશ મોકલ્યો છે. તેણે કહ્યું છે કે મારું નામ અરવિંદ કેજરીવાલ છે, હું આતંકવાદી નથી.

પ્રેસ કોન્ફરન્સમાં કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા સંજય સિંહે કહ્યું કે, તમે અરવિંદ કેજરીવાલ સાથે આતંકવાદીઓ જેવો વ્યવહાર કરી રહ્યા છો, શું તમને શરમ નથી આવતી. વડા પ્રધાનની તેમના પ્રત્યેની દુર્ભાવના એટલી વધી ગઈ છે કે, તેમના (કેજરીવાલ) પરિવાર અને બાળકો સાથે મુલાકાત કાચની દિવાલ દ્વારા કરવામાં આવી રહી છે.તેમણે કહ્યું, "પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને **Z Plus** સુરક્ષા છે, જ્યારે તેઓ કેજરીવાલને મળ્યા ત્યારે તેમની વચ્ચે કાચની દિવાલ હતી. ભાજપે આ કાર્યવાહી દ્વારા સ્પષ્ટ કરી દીધું છે કે તેને કેજરીવાલ પ્રત્યે તેમને નફરત છે. સંજય સિંહે કહ્યું કે, અરવિંદ કેજરીવાલને ૨૪ કલાક સીસીટીવી દેખરેખ હેઠળ રાખવામાં આવી રહ્યા છે અને તેમને ટોર્ચર કરવાની યોજના છે, તેમનું નિરાશ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને પરિવારનું અપમાન કરવામાં આવી રહ્યું છે.

આ અરવિંદ કેજરીવાલ અલગ માટીના બનેલા છે, તેમણે **IRS** સેવા છોડી દીધી છે, તે તોડવાના પ્રયત્નોમાં વધુ મજબૂત બનશે. ભગવંત માન અને સીએમ કેજરીવાલ ૧૫ એપ્રિલે તિહાર જેલમાં મળ્યા હતા. આ પછી માન ભાવુક દેખાતા બહાર આવ્યા. તેમણે કહ્યું કે અરવિંદ કેજરીવાલ સાથે જેલમાં સખત અપરાધી જેવો વ્યવહાર કરવામાં આવી રહ્યો છે.નોંધનિય છે કે,કેન્દ્રીય તપાસ એજન્સી **ED**એ ૨૧ માર્ચે દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં અરવિંદ કેજરીવાલની ધરપકડ કરી હતી. આ પછી, કોર્ટે તેને બે અલગ-અલગ સુનાવણીમાં ૧ એપ્રિલ સુધી ઈડ્ઢ રિમાન્ડ પર મોકલી દીધો. આ પછી, કોર્ટે તેને ૧ એપ્રિલના રોજ ૧૫ દિવસની ન્યાયિક કસ્ટડીમાં તિહાર મોકલી દીધો. તેને ફરી એકવાર ૧૫ એપ્રિલે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં કોર્ટે તેને ૨૩ એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા હતા.

મહિલાએ દાવો કરતાં કહ્યું કે, અમારે એક પુત્રી છે

ગોરખપુરના બીજેપી સાંસદ રવિ કિશન ઉપર મહિલાએ તેમની બીજી પત્ની હોવાનો દાવો કર્યો

એજન્સી દ્વારા

ગોરખપુર,તા.૧૬

ભોજપુરી એક્ટર અને ગોરખપુરના બીજેપી સાંસદ રવિ કિશન મુશ્કેલીમાં હોય તેમ લાગી રહ્યું છે. લોકસભા ચૂંટણી પહેલા એક મહિલાએ દાવો કર્યો છે કે તે રવિ કિશનની બીજી પત્ની છે અને રવિથી તેમને એક પુત્રી પણ છે.આ મહિલાનું નામ અપર્ણા ઠાકુર જણાવવામાં આવી છે અને તે બીજેપી સાંસદ પાસે પોતાની પુત્રીને સ્વીકારવાની માંગ કરી રહી છે જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં ખુબ જ વાયરલ થઈ રહ્યો છે.અપર્ણાએ સોમવારે લખનઉમાં પ્રેસ કોન્ફરન્સ કરી હતી જેમાં તેણે કહ્યું હતું કે તે રવિ કિશનની પત્ની છે અને બંનેના લગ્ન વર્ષ ૧૯૯૬માં મુંબઈમાં થયા હતા, જેમાં બંનેના પરિવારજનો અને ખાસ મિત્રો પણ સામેલ થયા હતા.અપર્ણા કહે છે કે બંનેને એક દીકરી છે. તે ઈચ્છે છે કે રવિ કિશન તેને સામાજિક રીતે સ્વીકારે. જો રવિ કિશન આમ નહીં કરે તો મહિલાએ કહ્યું છે કે તે ન્યાય માટે કોર્ટનો સંપર્ક કરશે.આ સાથે તેણે આ સાથે તેણે યોગી આદિત્યનાથને ન્યાયની અપીલ કરી છે.તમને જણાવી દઈએ કે આ કોન્ફરન્સમાં મહિલાની પુત્રી પણ હાજર હતી અને તેણે એવો પણ દાવો કર્યો છે કે રવિ તેના પિતા છે અને તેને મળવા પણ આવતો હતો. અપર્ણાની પુત્રીએ કહ્યું કે તેને ક્યારેય તેના પિતાનો પ્રેમ મળ્યો નથી, રવિ કિશન તેને મળવા ઘરે જતો હતો અને થોડા સમય પછી પાછો જતો હતો, તે તેની સાથે રહ્યો નહોતો.

તેણીએ કહ્યું, "મેં તેમની સાથે ઘણી વખત વાત કરી પરંતુ તેઓએ મને ક્યારેય મદદ કરી નહીં, છેલ્લી વખતે મને ૧૦ હજારની જરૂર હતી, મેં પૈસા માંગ્યા પરંતુ તેઓએ મને પૈસા આપ્યા નહીં." તેણે કહ્યું કે તે હિરોઈન બનવા માંગતી હતી, પરંતુ રવિ કિશને તેની મદદ ન કરી. તેણી લારા દત્તા સાથે એક ફિલ્મમાં કામ કર્યું છે.અપર્ણાએ કહ્યું કે, રવિ કિશનને તે વર્ષ ૧૯૯૫માં મળી જ્યારે તે પત્રકારત્વનો અભ્યાસ કરી રહી હતી. બંનેએ એક વર્ષ પછી લગ્ન કરી લીધા. અપર્ણા કહે છે કે રવિ કિશન હજી પણ તેના સંપર્કમાં છે, પરંતુ તે આ સંબંધ અને તેમની પુત્રીને જાહેરમાં સ્વીકારવા માંગતો નથી.

આદિત્ય શ્રીવાસ્તવે ઓલ ઈન્ડિયા રેન્ક ૧ હાંસલ કર્યો

UPSC સિવિલ સર્વિસીસ ૨૦૨૪નું પરિણામ જાહેર

પ્રતિનિધિ દ્વારા

નવી દિલ્હી, તા.૧૬

દેશની સૌથી અઘરી પરીક્ષા એટલે કે **UPSC** સિવિલ સર્વિસીસ ૨૦૨૪નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જે ઉમેદવારોએ ઈન્ટરવ્યુ આપ્યો હતો તેઓ સત્તાવાર વેબસાઈટની મુલાકાત લઈને પરિણામ ચકાસી શકે છે. પરિણામ ચકાસવાના પગલાં કમિશનની સત્તાવાર વેબસાઈટ **https://upsc.gov.in/** પર આપવામાં આવ્યા છે. આ વખતે આદિત્ય શ્રીવાસ્તવે સિવિલ સર્વિસની પરીક્ષામાં ટોપ કર્યું છે. તે જ સમયે, અનિમેષ પ્રધાન બીજા સ્થાને છે. જ્યારે ડોનુરુ અનન્યા રેડ્ડી ત્રીજા સ્થાને છે. કુલ ૧૦૧૬ ઉમેદવારોની આખરે પંચ દ્વારા પસંદગી કરવામાં આવી છે.

૧૦૧૬ માંથી ૧૮૦ **IAS** માટે પસંદ કરવામાં આવ્યા હતા . જ્યારે ૨૦૦ **IPS** માટે પસંદગી પામ્યા છે. આદિત્ય શ્રીવાસ્તવે ઓલ ઈન્ડિયા રેંક ૧ હાંસલ કર્યો છે. આ વર્ષે, **UPSC CSE**- ૨૦૨૩ પરીક્ષા માટે ૨ જાન્યુઆરીથી ૯ એપ્રિલની વચ્ચે ત્રણ તબક્કામા **UPSC** ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. આ વ્યક્તિત્વ કસોટીમાં કુલ ૧૦૨૬ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. **UPSC CSE** ૨૦૨૩ ની પ્રિલિમ પરીક્ષા ૨૮ મેના રોજ યોજાઈ હતી.છેલ્લા ૫ વર્ષમાં મહિલાઓની સફળતાનો દર વધ્યો છે . ૨૦૧૮ અને ૨૦૧૯માં મહિલાઓની પાસ થવાની ટકાવારી ૨૪% હતી. ૨૦૨૦ માં તે ૨૯% પર પહોંચી ગયો. જ્યારે ૨૦૨૧માં તે ૩ પોઈન્ટ ઘટીને ૨૬% થઈ ગયો.

આ સિવાય ૨૦૨૨માં આ આંકડો ફરી એકવાર ૩૪% પર હતો. ગયા વર્ષે ૯૩૩ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી, જેમાં ૩૨૦ મહિલાઓ હતી.ઉમેદવારો તેમની પરીક્ષા સંબંધિત કોઈપણ માહિતી માટે સંપર્ક કરી શકે છે.

નિર્મલ મેટ્રો

તંત્રીની કલમે....

ભારતીય જનતા પાર્ટીએ આગામી સામાન્ય ચૂંટણીઓ માટે ઢંઢેરો બહાર પાડ્યો છે જેમાં વિકાસ, આત્મનિર્ભરતા, સંરક્ષણ અને નાગરિકતા સુધારા કાયદા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. ભાજપનો ઢંઢેરો પણ રેવડી સંસ્કૃતિ પર પ્રતિબંધ મૂકવાનો ઈરાદો દર્શાવે છે. ભારતીય જનતા પાર્ટીએ આગામી સામાન્ય ચૂંટણીઓ માટે ઢંઢેરો બહાર પાડ્યો છે જેમાં વિકાસ, આત્મનિર્ભરતા, સંરક્ષણ અને નાગરિકતા સુધારા કાયદા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. ભાજપનો ઢંઢેરો પણ રેવડી સંસ્કૃતિ પર પ્રતિબંધ મૂકવાનો ઈરાદો દર્શાવે છે.

પાંચ વર્ષ સુધી મફત રાશન યોજના ચાલુ રાખવાની ગેરંટી આપવામાં આવી છે, પરંતુ આ સિવાય પાર્ટીના ઢંઢેરામાં મુખ્યત્વે સુધારા કાર્યક્રમો અને વિકાસ યોજનાઓ ચાલુ રાખીને ૨૦૪૭ સુધીમાં દેશને વિકસિત દેશોમાં સામેલ કરવાના સંકલ્પની વાત કરવામાં આવી છે. વધુ આઈઆઈટી, આઈઆઈએમ અને એઆઈએમએસ બનાવવું, સસ્તું આવાસ પ્રદાન કરવું અને ૭૦ વર્ષથી વધુ વયના તમામ વરિષ્ઠ નાગરિકોને આયુષ્માનના દાયરામાં લાવવું એ એવી બાબતો છે જે નાગરિકોના જીવનની ગુણવત્તામાં વધારો કરવાના પક્ષના સંકલ્પને રેખાંકિત કરે છે. સંરક્ષણ અને રાષ્ટ્રીય સુરક્ષાના મામલામાં આત્મનિર્ભરતા પર ભાર આ મેનિફેસ્ટોની વિશેષતા છે. આ અંતર્ગત ચીન, પાકિસ્તાન અને મ્યાનમાર બોર્ડર પર મિલિટરી થિયેટર કમાન્ડ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટની વાત કરવામાં આવી છે. મેનિફેસ્ટો સૂચવે છે કે પક્ષને વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠાને મજબૂત કરવા માટે વર્તમાન સરકારની છબી પર વિશ્વાસ છે અને તે મતદારોને આકર્ષવાના પ્રયાસમાં તેનો ઉપયોગ કરવા માંગે છે. જો આપણે પાર્ટીના જૂના વચનોની વાત કરીએ, તો તેમાં નાગરિકતા સુધારો અધિનિયમ (CAA) અને સમાન આચાર સંહિતા (UCC) તેમજ વન નેશન વન ઈલેક્શનનો ઉલ્લેખ મુખ્ય રીતે કરવામાં આવ્યો છે. એક મહત્વની હકીકત એ છે કે આ વખતે નેશનલ રજિસ્ટર ઑફ સિટિઝન્સ (NRC)નો કોઈ ઉલ્લેખ નથી. ધ્યાનમાં રાખો, CAA ને સામાન્ય રીતે NRC સાથે જોડવામાં આવતું હતું અને તેના વ્યાપક વિરોધ માટે આ એક મુખ્ય કારણ માનવામાં આવતું હતું. એકંદરે, આ 'સંકલ્પ પત્ર' દર્શાવે છે કે પાર્ટીએ પીએમ મોદીના કામ, તેમની છબી અને આગામી અઢી દાયકા સુધી દેશવાસીઓને બતાવેલા સપના પર વિશ્વાસ છે. આ ભરોસો કેટલો અસરકારક છે તે તો ચૂંટણી પરિણામો પરથી સાબિત થશે, પરંતુ અત્યારે તે ચોક્કસપણે ભાજપના આત્મવિશ્વાસની નિશાની ગણી શકાય.

એમસીએક્સ પર રૂ.૨,૯૨,૪૬૧ કરોડનું ઓલ ટાઈમ હાઈ ટર્નઓવર નોંધાયુઃ સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૮૯,૫૫૫.૨૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૨,૧૩૭.૦૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૭૭૪૦૩.૦૬ કરોડનો હતો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે એક્સચેન્જ પર સોમવાર, ૧૫ એપ્રિલના રોજ મોડી રાત્રિ સુધીના સત્રમાં રૂ.૨,૯૨,૪૬૧.૪૨ કરોડનું ઓલ ટાઈમ હાઈ ટર્નઓવર નોંધાયું હતું. આ અગાઉ ૧૨ જાન્યુઆરીના રોજ રૂ.૨,૬૬,૭૧૪ કરોડનું ઉચ્ચતમ કામકાજ નોંધાયું હતું. આ સાથે જ ક્રૂડ તેલના ઓપ્શન કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૨,૨૯,૩૪૪ કરોડનું રેકોર્ડ નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૭૨,૮૨૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૯૨૭ અને નીચામાં રૂ.૭૨,૨૯૦ના મથાળે અથડાઈ, રૂ.૨૫૧ વધી રૂ.૭૨,૫૨૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૪૯ વધી રૂ.૫૮,૯૦૦ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪૪ વધી રૂ.૭,૧૭૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩૮ વધી રૂ.૭૨,૬૬૭ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૮૩,૯૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮૪,૨૫૫ અને નીચામાં રૂ.૮૩,૨૪૬ના મથાળે અથડાઈ, રૂ.૪૯૮ ઘટી રૂ.૮૩,૩૫૩ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૪૪૭ ઘટી રૂ.૮૩,૨૬૧ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૪૩૩ ઘટી રૂ.૮૩,૨૫૭ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ એપ્રિલ વાયદો રૂ.૮૩૧.૧૫ના ભાવે ખૂલી, રૂ.૫.૫૦ ઘટી રૂ.૮૨૫.૮૦ જ્યારે એલ્યુમિનિયમ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૦ ઘટી રૂ.૨૩૧.૩૫ તેમ જ સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ ઘટી રૂ.૧૮૮ના ભાવ થયા હતા. જસત એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩.૬૫ ઘટી રૂ.૨૪૧ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની એપ્રિલ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૩૫ ઘટી રૂ.૨૩૧.૬૦ સીસુ-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ વધી રૂ.૧૮૮.૪૫ જસત-મિની એપ્રિલ વાયદો રૂ.૩.૬૫ ઘટી રૂ.૨૪૧.૨૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૭,૧૯૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૧૯૨ અને નીચામાં રૂ.૭,૦૯૪ના મથાળે અથડાઈ, રૂ.૭ ઘટી રૂ.૭,૧૦૮ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૪ ઘટી રૂ.૭,૧૧૧ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૪૨ના ભાવે ખૂલી, રૂ.૧.૬૦ વધી રૂ.૧૪૨.૯૦ અને નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૧.૫ વધી ૧૪૩ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ કોટન ખાંડી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૯,૬૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૬૮૦ અને નીચામાં રૂ.૫૯,૫૦૦ના મથાળે અથડાઈ, રૂ.૪૨૦ ઘટી રૂ.૫૯,૫૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૪૦ ઘટી રૂ.૯૦૮.૨૦ બોલાયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૪,૩૨૫.૨૨ કરોડનાં અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪,૨૪૮.૩૯ કરોડનાં વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૭૩૪.૦૩ કરોડનાં ૧૭,૯૭૯ લોટ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૯૧૪.૧૦ કરોડનાં ૬૫,૨૯૫ લોટ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૨૭૪.૭૭ કરોડનાં ૪,૦૪૬ લોટ સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૨.૩૩ કરોડનાં ૬૩૦ લોટ તાંબાના વાયદાઓમાં રૂ.૧,૦૫૭.૫૭ કરોડનાં ૫,૦૯૬ લોટ અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૫૬૩.૬૧ કરોડનાં ૮,૪૫૪ લોટના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨.૫૯ કરોડનાં ૯ લોટ મેન્થા તેલ વાયદામાં રૂ.૪.૩૩ કરોડનાં ૧૩૨ લોટનાં કામકાજ થયાં હતાં.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૫.૧૫ કરોડનાં ૧૬૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૫૭૬ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ એપ્રિલ વાયદો ૧૮,૫૦૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૮,૫૪૯ અને નીચામાં ૧૮,૩૯૧ બોલાઈ, ૧૫૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૬ પોઈન્ટ વધી ૧૮,૪૫૪ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૭૭૪૦૩.૦૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૭,૧૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૦૫.૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૨૨.૫૦ અને નીચામાં રૂ.૬૫.૬૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨.૨૦ ઘટી રૂ.૭૩.૭૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૧૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬.૬૫ ખૂલી, ઉપરમાં રૂ.૭.૪૫ અને નીચામાં રૂ.૬ રહી, અંતે રૂ.૦.૬૫ વધી રૂ.૬.૬૫ થયો હતો.

સોનું મે રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૩૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧,૪૩૭.૫૦ અને નીચામાં રૂ.૧,૧૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૦૮.૫૦ વધી રૂ.૧,૨૪૧.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની એપ્રિલ રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૮૯૯.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૦ અને નીચામાં રૂ.૬૯૧ રહી, અંતે રૂ.૧૯૭.૫૦ વધી રૂ.૮૮૯ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૮૪,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૪૯૭ના ભાવે ખૂલી, રૂ.૨૩૭ ઘટી રૂ.૧,૧૬૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૮૪,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૧૦૦.૫૦ના ભાવે ખૂલી, રૂ.૨૦૨.૫૦ ઘટી રૂ.૮૪૫ થયો હતો. તાંબુ એપ્રિલ રૂ.૮૩૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૮૫ ઘટી રૂ.૮.૨૫ જસત એપ્રિલ રૂ.૨૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૬ ઘટી રૂ.૧.૨૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૭,૧૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૬.૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨.૮૦ અને નીચામાં રૂ.૨૮.૧૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨.૬૦ ઘટી રૂ.૬૩ થયો હતો, જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૧૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪.૩૦ ખૂલી, ઉપરમાં રૂ.૪.૮૦ અને નીચામાં રૂ.૩.૭૦ રહી, અંતે રૂ.૦.૪૫ ઘટી રૂ.૪.૧૫ થયો હતો.

સોનું મે રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૧૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧,૨૦૦.૫૦ અને નીચામાં રૂ.૯૮૨.૫૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪૩ ઘટી રૂ.૧,૧૫૪.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની એપ્રિલ રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૯૯.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૧૬ અને નીચામાં રૂ.૫૨૫ રહી, અંતે રૂ.૧૩૦.૫૦ ઘટી રૂ.૬૬૨ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૮૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯૯૦ના ભાવે ખૂલી, રૂ.૧૭૬.૫૦ વધી રૂ.૧,૨૦૧ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૮૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૫૦૧.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૬૦.૫૦ વધી રૂ.૯૬૦ થયો હતો. તાંબુ એપ્રિલ રૂ.૮૩૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૨.૬૫ વધી રૂ.૧૧.૯૭ થયો હતો.

"ચાલો રમીએ ભ્રષ્ટાચાર.. ભ્રષ્ટાચાર..!"

"અનંતનો નિર્મલાનંદ-૧૫"
અનંત દવે 'ઢ' (અમદાવાદ)
email : daveanant748@gmail.com

બહુ જ સહેલું છે....!!!!

આ રમત રમવી હોય.... તો... તમારી ૨૫ વર્ષની ઉંમરે જ નક્કી કરી લેવું પડે...!!! કે તમારે ભ્રષ્ટાચાર કરવો છે....!!

હું તમને સ્ટેપવાઈઝ સમજાવી દઉં... બહુ જ સહેલું છે...!!

અને... તમે એ પ્રમાણે અનુસરશો તો ભ્રષ્ટાચારમાં સલામત રીતે પારંગત થઈ જશો... એની મારી પુરી ખાત્રી....!!!

સ્ટેપ બતાવું તે પહેલાં એક વાત બતાવી દઉં... જે ગુણધર્મ તમારામાં હોવો બહુજ જરૂરી છે..!!!

અને તે છે..

આપની **જાડી ચામડી..!!**

બસ....આટલુ હોય પછી હું જણાવું તે નોધી લો... અને મંડી પડો...

મારી પહેલી સલાહ : પહેલા તમારા સ્કુલના મિત્રો હોય... એમાં થી બે ચાર..

કોલેજ ના મિત્રોમાંથી બે ચાર...

સાથે નોકરી કરતા હોય તેમાંથી બે ચાર... ભેગા થઈ એક ગ્રુપ બનાવો....

૨ જી સલાહ :- પછી હાલ સત્તા ઉપર હોય કે જુના સત્તા પરથી ઉતરી ગયા હોય તે બધા મોટા ભ્રષ્ટાચારી છે... અને... **તેમનો ભ્રષ્ટાચાર ઉઘાડો પાડવા અને.... તેની તેમને સજા અપાવવા જ ભગવાને તમને જનમ આપ્યો છે..તેવું પ્રતિપાદિત કરો...**

અને.... તેના વિરોધમાં આંદોલન ઉપવાસ વારે ઘડીએ કરતાં જ રહો...!!

૩ જી સલાહ :- ભારતની પ્રજા અતિ ભોળી છે... એટલે આવા આંદોલનો કરી તેમના દિલમાં આપ ઈમાનદાર માણસ છો... એવો...એક અદમ્ય વિશ્વાસ પ્રજામાં પેદા કરો...!!!

૪ થી સલાહ :- પછી વિધાનસભાની ચુંટણીઓ આવે અને વાતાવરણ તમારા તરફી હોય... એટલે બધા મિત્રો સાથે રહી... એક રાજકીય પક્ષની સ્થાપના કરો...

અને....વારે ઘડીએ રેલીઓ ગોઠવી કે પ્રેસ કોન્ફરન્સ ભરી બોલતા રહેવાનું કે.... **તમારે દેશમાંથી ભ્રષ્ટાચાર ને નાબૂદ કરવો છે... તે માટે એકવાર આ પ્રજા તમારા જેવા કટ્ટર ઇમાનદાર, વિચારલક્ષી અને સજ્જન માણસને મત આપી એકવાર સત્તા પર બેસાડે....!!!**

આના માટે પ્રજા પર બીજી બધા રાજકીય પક્ષોના ભ્રષ્ટાચાર ની મોટા આંકડાઓમાં સાચી ખોટી વાતો કરી.... ત્રાગા કરતાં રહેશો એટલે.... **પ્રજા ને એકના એક દિવસ.... આપની વાત ગળે ઉતરી જશે અને તમારી આવડત થી અંજાઇને તમારા પક્ષને સત્તા પર બેસાડી દેશે જ....!!!**

અને.... **સતા મળી જાય એટલે સાથે સાથે મંડો અલગ અલગ રીત નો ભ્રષ્ટાચાર કરવા...!!! અને પૈસા તો એવા સગેવગે કરવાના કે કોઇના હાથમાં જ ન આવે...!!!**

(પકડાશું ત્યારે જોયું જશે...!!! એં.... એં... ટેન્શન જરાય નહીં કરવાનું...!!! કારણ કે.. "તમે જાડી ચામડીના છો..." એ...તો...તમે કહ્યું જ છે..)

૫ મી સલાહ :- આ જગ્યાએ આપને જણાવી દઉં કે... ભ્રષ્ટાચાર આદરવામાં માત્ર પાર્લામેન્ટ ની જ ચુંટણી જીતવી જોઈએ... એ.... જરૂરી નથી... હોં....!!!

રાજ્ય ની ચુંટણી જીતીને પણ.... તમે ભ્રષ્ટાચાર કરી જ શકો છો.... !!!

અરે.... આપણા ભારત દેશમાં તો નાના રાજકીય પક્ષો એ તો.... કોર્પોરેશન ની ચુંટણી જીતીને મોટા મોટા ભ્રષ્ટાચાર કર્યા ના દાખલા મોજુદ છે....!!! અને હજુ પણ વર્ષો થી કેસ ચાલે છે..... અને ગુનેગાર હોવા છતાં આજે પણ પેરોલ ઉપર છુટી દેશમાં તો ઠીક... પણ.. દેશ વિદેશમાં પોતાના પરિવાર સાથે..... **('નફ્ફટાઇ' તો... ના કહેવાય પણ...)** ટેશ થી ફરે છે.... બસ આપ **જાડી ચામડીના છો... એ.. જ... કાફી છે....!!!**

"હવે... મારે ભ્રષ્ટાચાર રમવામાં આપને શીખડાવવાનું રહ્યું તો.... આપણો ભ્રષ્ટાચાર પકડાઈ જાય તો શું કરવું...???"

૬ ઠ્ઠી સલાહ :- જુઓ.... આજે નહીં તો કાલે... આપનો કરેલ ભ્રષ્ટાચાર ઉઘાડો તો પડવાનો જ છે....!!! **પણ આપણે હવે એ... કોઇ કાળે એ કબુલવાનુ જ નહીં....!!!**

ઠામુકા નું સામે આપણે કહેવાનું કે....

આ... I.T., C.B.I. કે E.D. વાળા ખોટા છે... ને સરકાર સાથે ભળી ને... તમારા જેવા પ્રામાણિક અને ઈમાનદાર માણસ... સરકારનો ભ્રષ્ટાચાર તમારાથી ઉઘાડો ન પડે એટલે ઠરાવીને ખોટે ખોટા ફસાવે છે...!!!

પછી.... સરકારી સંસ્થાઓ પુરાવા સાબિતીઓ એકઠી કરી... તમારા નામનું તપાસ વોરંટ કાઢશે... પણ... આપણે ગણકારવા નું નહીં...!!!

પણ.. તમારા તરફથી પ્રજાને તો.. એવું જ લાગવું જોઇએ.... કે... સરકાર આ બધું ધતિંગ જ કરે છે...!!!

પછી I.T., C.B.I. કે E.D. વાળા દસ દસ વાર સમન્સ મોકલે પણ આપણે... તો.... એં.... બાપના બોલથી... નહીં જવાનું એટલે... નહીં જ જવાનું.... સમજ્યા...??? અને ખોટો ખોટો ટાઈમ જ બગાડવાનો....

૭ મી સલાહ : અહીં મારી એક વાત સમજી લેજો...આથી... I.T., C.B.I. કે **E.D. વાળા ભલે તમને ખોટા સમજે... પણ... આ ભોળી પ્રજામાં તમારું માન, લાગણી અને સહાનુભૂતિ વધશે..!!!**

અને... પ્રજામાં તમારી એક ક્રાંતિકારી છો... એવી છાપ ઉભી થશે...!!! ... મામુ...!!!

૮ મી સલાહઃ- હવે કદાચ I.T., C.B.I. કે E.D. વાળા આપની ધરપકડ કરે એટલે ઉભા કરેલા ભોળા કાર્યકરો ની ફોજ લઈ ને દેશભરમાં ઠેર ઠેર આંદોલનો ઉપવાસ કરી વિરોધ કરવાનો.. અને.... **એમાં જરુર પડે તો... જે લોકોને આપણે પહેલાં ભ્રષ્ટાચારી કહેતાં હતા..એમનો પણ સાથ લેવાનો...!!!... અને એ લોકો ની પણ જો ધરપકડ થઈ હોય તો... આપણે એ.. લોકોને પણ જેલમાં સાંત્વના આપવા અને ટેકો જાહેર કરવા આપણા ફોલ્ડરીયા ને મોકલવાના....!!!**

આમાં જરાપણ ખચકાવવા નું કે શરમાવવા નું નહીં...!!!

કારણકે આપણે તો **'જાડી ચામડીના'** છીએ ને...??

૯ મી સલાહ :- હવે આપણી ધરપકડ થઈ છે.... એ... ખોટી છે.... એ પુરવાર કરવા નીચલી કોર્ટ માં ન્યાય માટે જાઓ.... ત્યાં થી હારી જાઓ.. એટલે... સેશન કોર્ટ માં જવાનું.... ત્યાં થી... હાઈકોર્ટે માં જવાનું..... ત્યાં આપણે જોઈતો હોય તેવો ન્યાય ન મળે... તો.... સુપ્રિમ કોર્ટમાં જવાનું.... અને ત્યાંથી પણ મદદ ન મળે... તો કહેવાનું કે.... **સતાધીશો અને ન્યાયપાલિકા ની મિલીભગત છે... તેવું આડકતરી રીતે બોલવાનું.... વિરોધ થાય તો પાછી નફ્ફટાઇ થી માફી પણ માંગી લેવાની....!!!**

૧૦ મી સલાહ :- હવે આજ રીતે જમાનત મેળવવા માટે નીચલી કોર્ટ થી સુપ્રીમ કોર્ટ સુધી જવાનું.... અને ના મળે તો પછી જે બીજી તારિખ મળે.... ત્યારે આવી જ રીતે ફરીથી બધી કોર્ટમાં જવાનું ને...

પણ... પ્રજાને તો એવો જ સંદેશો જવો જોઇએ કે તમે અન્યાય સામે કઠુરાઘાત કરી રહ્યા છો...!!!

વ્હાલા વાચકમિત્રો.... સાચું કહેજો.... આ દસ સલાહ વાંચતા વાંચતા તમે થાકી ગયા ને.... !!!!

પણ.... આ કેજરીવાલ.. જુઓ... એ જેલમાં બેઠા બેઠા... મારી પાસે હજુ સંજયસિંહ અને ભગવંત માન પાસે મને ' જેલમાં મુખ્યમંત્રી પદે રહેવું કે નહીં તેનું માર્ગદર્શન ફોન કરી ને મંગાવે છે... !!!

અને...

હમણાં હમણાં તો સાબરમતી જેલમાંથી બિશ્નોય એના ફોલ્ડરિયા પાસે મને ફોન કરાવી... સલમાન ખાનના ઘરપરના ગોળીબાર ના પ્રકરણમાંથી બહાર નીકળવાના મને રસ્તા પુછે છે....!!! બોલો....

મારે કાંઇ એક કામ થોડું છે....??? ... તમે જ કહો... સાહેબ...

પરાધિનતા જ દુઃખનું કારણ છે : કામનાઓ જ પરાધીનતાને લાવે છે : દુઃખનું કારણ કાળ,કર્મ સ્વભાવ અને ગુણ છે



ખાંડા ધરમપુરથી પ્રવાહિત રામકથાનાં છઠ્ઠા દિવસે કથા આરંભે આજના વિશેષ દિવસની યાદમાં બંધારણના રચયિતા ડોક્ટર આંબેડકરને પણ યાદ કર્યા.

બાપુએ કહ્યું કે ભાવના ભક્તિ વાચક શબ્દ છે,બોધ જ્ઞાનવાચક શબ્દ છે.તંત્રશાસ્ત્રમાં વર્ણન છે,પણ તંત્ર શાસ્ત્રમાં બહુ પડવું નહીં.ત્યાં શિવ,શક્તિને પૂછે છે કે શિવ અને શક્તિમાં શું અંતર છે?પુરુષ અને પ્રકૃતિમાં,ભગવાન અને માયામાં શું ફરક છે?ત્રણ પ્રકારની પ્રકૃતિ છેઃઆસુરી,મોહિની અને રાક્ષસી.આ ત્રણ વૃત્તિથી જીવ બંધાયેલો છે.આસુરી વૃત્તિ એટલે મારું સ્વાર્થ સધાવું જોઈએ,બીજાને ગમે એટલું નુકસાન થાય,આ વૃત્તિ એ આસુરી છે. રાક્ષસી વૃતિમાં અત્યંત ક્રોધ આવે અને હત્યા સુધી પહોંચાડે.જ્યારે અકારણ બીજાને ફસાવવાની વૃત્તિ એ મોહિની વૃત્તિ છે.

જાગૃતિ ક્યારેક લવ,નિમેષ કે પરમાણુ જેટલા સમયમાં પણ થઈ જાય,ક્યારેક યુગ પણ લાગે ત્યારે જાગૃતિ થાય છે.ક્યારેક વરસ કે કલ્પ પણ લાગે છે.

કથાપ્રવાહમાં દક્ષ યજ્ઞમાં બળી ગયા પછી સતીનો બીજો જન્મ હિમાચલને ત્યાં,પાર્વતીના રૂપમાં થાય છે.એ વખતે હિમાચલ ઉત્સવ મનાવે છે.બાપુએ કહ્યું કે દીકરી જન્મે તો ઉત્સવ મનાવજો કારણકે ગીતાજીમાં કૃષ્ણ કહે છે કેઃનારીમાં શ્રી,વાક,મેધા, ધૃતિ,ક્ષમા વગેરે સાત-સાત પ્રકારની વિભૂતિઓ છે.પાર્વતીનું નામકરણ અને જ્યોતિષ કર્મ કરવા માટે નારદજી પાસે આવે છે અને નારદજી અલગ-અલગ પ્રકારના લક્ષણો બતાવે છે અને કયા પ્રકારનો પતિ પ્રાપ્ત થશે એ વિશે જે ગુણો શંકરમાં સમાયેલા છે, પણ દોષ રૂપે દેખાય છે એ ગુણોનું વર્ણન કરે છે.અને આનાથી બચવા માટે અને યોગ્ય વર, મનવાંછિત વર પ્રાપ્ત કરવા માટે તપ કરવા જવાનું કહે છે.પાર્વતી માતાને મનાવી અને વનમાં ખૂબ જ કઠિન તપ કરે છે અને છેલ્લે માત્ર પાંદડાઓ-પર્ણનો આહાર કરીને અપર્ણા બને છે.તપ સફળ થાય છે અને આકાશવાણી થાય છે કે તને યોગ્ય વાર મળશે ઘરે જાઓ.

બાપુએ કહ્યું કે આપણે ત્યાં તપ,ત્યાગ અને તૃપ્તિનો મોટો મહિમા છે.

એ પછી શંકર ભગવાનને વ્યવસ્થિત રીતે શણગારી અને અલગ-અલગ સમાજ દ્વારા જાન પ્રસ્થાન થાય છે અને શિવ વિવાહની સુંદર કથાનું ગાન કરવામાં આવે છે. બાપુ કહે છે કે આપણી સંભાવના,આપણામાં રહેલી ઉર્જા,સામર્થ્ય,શક્તિને ક્યારેક આપણે ઓળખી શકતા નથી.આપણામાં રહેલી સંભાવના કોઈ નારદ જેવા સાધુ સમજાવે ત્યારે સમજાય છે.પરંતુ શંકરાચાર્ય,ગાંધીજી,વિનોબાજીની ભૂદાનયાત્રા એ બીજાના કલ્યાણ માટે થયેલી છે.ફાધર વાલેસ પણ સતત ફરતા રહેતા હતા.

આપણા દુઃખનું કારણ કાળ,કર્મ સ્વભાવ અને ગુણ છે.પણ ઘણી વખત કહેવાય છે કે વસ્તુ દુઃખ આપે છે,વસ્તુ પણ દુઃખ આપતી નથી,વ્યક્તિ પણ દુઃખ આપતી નથી,સમયથી પણ દુઃખ આવતું નથી અને દેશ પણ દુઃખ આપતો નથી.આપણી પરાધિનતા જ દુઃખનું કારણ છે.અને આપણી કામનાઓ જ પરાધીનતાને લાવે છે.

અમૃતબિંદુઓઃ

ચિત્તની ચંચળ વૃત્તિ શક્તિ છે,ચિતની શાંત વૃત્તિનું નામ શિવ છે.

સૂફીઓએ ત્રણ શબ્દો આપ્યા છેઃશોધન,રોધન અને બોધન.

સંશોધન કરવું,કંઈક ખોજવું એ શોધન છે.

એ પ્રકારની સ્થિતિ ટકાવી રાખવાના પ્રયત્ન કરવા એ રોધન છે.

આ બંને થયા પછી જે સ્થિતિ આવે એ સ્થિતિને બોધન કહે છે.

ક્યારેક આવી સ્થિતિ પણ યુગ કે વર્ષોમાં પણ આવતી હોય છે.

શ્રીમદ ભાગવતમાં લખ્યું છે કે આ પાંચ એ જીવતા મરેલા છેઃ

મૂરખ,નિરંતર પ્રવાસી,સતત બીજાને આધીન હોય એવો-ગુલામ,સદા રોગવશ,અતિરોગી અને અતિદરિદ્ર.

રામચરિત માનસમાં આવા ૧૪ લોકો બતાવ્યા છે.

કેન્દ્ર સરકારે સ્કિલ યોજનાઓ ઉપર કરોડો રૂપિયા ખર્ચી નાખ્યા

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૧૬

ભારતમાં ચૂંટણીના માહોલ વચ્ચે તમામ પક્ષોએ પોતપોતાના ઢંઢેરામાં યુવાનોને રોજગાર આપવાનું વચન આપ્યું છે. ગત લોકસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન ભારતીય જનતા પાર્ટીએ લોકોને રોજગારી આપવાના ઘણા વચનો પણ આપ્યા હતા, એટલું જ નહીં, કેન્દ્ર સરકારે યુવાનોમાં કૌશલ્યને પ્રોત્સાહન આપવા માટે ઘણી યોજનાઓ પણ શરૂ કરી હતી. પરંતુ, આ હોવા છતાં, ૨૦૨૪ માં ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (ILO) ના એક રિપોર્ટ અનુસાર, હાલમાં ભારતમાં લગભગ ૮૩% યુવાનો બેરોજગાર છે.

આવી સ્થિતિમાં એક સવાલ એ ઊભો થાય છે કે તમામ યોજનાઓ અને પ્રયાસો છતાં દેશમાં બેરોજગારી કેમ ઓછી નથી થઈ રહી. લોકોને કૌશલ્ય શીખવવા માટે કેન્દ્ર સરકારે આ યોજનાઓ પર કેટલો ખર્ચ કર્યો છે?

સ્કીલ ઈન્ડિયા મિશન એ યુવાનોને રોજગારીયોગ્ય બનાવવા માટેની એક યોજના છે. આ મિશનની શરૂઆત વર્ષ ૨૦૧૫માં કરવામાં આવી હતી. તાજેતરમાં, રાજ્યસભામાં પૂછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયના રાજ્ય મંત્રી, રાજીવ ચંદ્રશેખરે કહ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં, સ્કિલ ઈન્ડિયા મિશન હેઠળ ભારતમાં ૧૫,૧૯૨ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત, રાજ્યસભાના ડેટા અનુસાર, પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના હેઠળ લોકોને તાલીમ આપવા માટે છેલ્લા પાંચ વર્ષમાં ૯૧ લાખ રૂપિયા અને જન શિક્ષણ સંસ્થાન યોજના હેઠળ ૧૪ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

રાજ્યસભાના અહેવાલ મુજબ, પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના હેઠળ કૌશલ્ય શીખનારા યુવાનો અન્ય યોજનાઓની તુલનામાં વધુ પગાર સાથે નોકરી મેળવવા માટે સક્ષમ છે. આ તમામ સરકારી યોજનાઓનો હિસ્સો બનેલા યુવાનોમાંથી લગભગ ૭૬ ટકા ઉમેદવારોએ કબૂલ્યું હતું કે તાલીમ બાદ તેમને પહેલા કરતાં વધુ રોજગારીની તકો મળી છે. હકીકતમાં, જુદા જુદા અહેવાલો અનુસાર, ભારતમાં મોટાભાગની નોકરીઓ અકુશળ અને અર્ધ-કુશળ કામદારો માટે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, સ્નાતક થયેલા યુવાનોને રોજગાર મેળવવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. ભારતમાં સ્નાતકો અને ડિગ્રી ધારકો માટે બેરોજગારીની ટકાવારી વર્ષ ૨૦૧૭-૧૮ (જૂન-જુલાઈ) થી ઘટી રહી છે. જો કે, ઓછા શિક્ષિત લોકો માટે રોજગારીની તકો પણ ઘટી છે. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO) અને ઈન્સ્ટિટ્યૂટ ફોર હ્યુમન ડેવલપમેન્ટ (IHD) દ્વારા વર્ષ ૨૦૨૪ના રિપોર્ટમાં ભારતમાં બેરોજગારી અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. રિપોર્ટ અનુસાર દેશના શિક્ષિત યુવાનોમાં બેરોજગારીનો હિસ્સો વધ્યો છે. વર્ષ ૨૦૦૦માં દેશમાં ૫૪.૨ ટકા શિક્ષિત યુવાનો બેરોજગાર હતા. આ સંખ્યા ૨૦૨૨ સુધીમાં વધીને ૬૫.૭ ટકા થઈ ગઈ છે. એટલે કે હાલમાં લગભગ ૬૫.૭ ટકા યુવાનો એવા છે જેઓ શિક્ષિત છે પરંતુ તેમની પાસે નોકરી નથી. રિપોર્ટમાં એ વાતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે દેશમાં માધ્યમિક શિક્ષણ બાદ શાળા છોડનારા યુવાનોની સંખ્યામાં પણ છેલ્લા કેટલાક વર્ષોમાં વધારો થયો છે. આ વધતી સંખ્યા ખાસ કરીને ગરીબ રાજ્યો અને સીમાંત જૂથોમાં જોવા મળી છે. ઉચ્ચ શિક્ષણમાં નોંધણી વધતી હોવા છતાં, ગુણવત્તાની ચિંતા રહે છે.

ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના સમાન રિપોર્ટ અનુસાર, ભારતમાં ૨૦૧૯ થી નિયમિત કામદારો અને સ્વ-રોજગાર કરનારાઓના પગારમાં ઘટાડો થતો જોવા મળી રહ્યો છે. એટલું જ નહીં, અકુશળ શ્રમ દળમાં કેઝ્યુઅલ કામદારોને પણ વર્ષ ૨૦૨૨ થી લઘુત્તમ વેતન મળ્યું નથી. રિપોર્ટ અનુસાર, બિહાર, ઉત્તર પ્રદેશ, ઓડિશા, મધ્ય પ્રદેશ, ઝારખંડ અને છત્તીસગઢ જેવા રાજ્યોમાં રોજગારની સ્થિતિ ઘણી દયનીય છે. જો આપણે આ શબ્દને સાદી ભાષામાં સમજીએ તો બેરોજગારીનો દર એટલે કે દેશની વસ્તીનો તે હિસ્સો જેઓ કામ માંગે છે પરંતુ તેમના માટે કોઈ કામ નથી.

એક સર્વે અનુસાર, વર્ષ ૨૦૨૩માં મહિલાઓમાં બેરોજગારીનો દર ૩ ટકા હતો, જે ૨૦૨૨માં ૩.૩ ટકા અને ૨૦૨૧માં ૩.૪ ટકાના આંકડા કરતાં ઓછો હતો.

Printed, Published and Owned by NARENDRA G. JOSHI and Printed at Bhoomi Offset Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, AHMEDABAD - 380002 and published from H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. Editor- NARENDRA G. JOSHI.

બિહારના પૂર્ણિયામાં પીએમ મોદીએ 'ઈન્ડિયા' ગઠબંધનના નેતાઓ પર કર્યા પ્રહાર

આગામી ૫ વર્ષમાં ભ્રષ્ટાચારીઓ સામે કડક કાર્યવાહી થશે

પૂર્ણિયા,તા.૧૬

વડાપ્રધાન બિહારના પૂર્ણિયામાં જનસભા દરમિયાન કહ્યું કે અમે એવી વ્યક્તિની પૂજા કરી રહ્યા છીએ જેના વિશે કોઈએ પૂછ્યું નથી. તેમણે કહ્યું કે બિહારમાં અગાઉની સરકાર બિહારને પછાત કહીને છટકી જતી હતી. અમે સીમાંચલ અને પૂર્ણિયાના વિકાસને અમારું મિશન બનાવ્યું છે.

અમે ભ્રષ્ટાચાર નાબૂદ કરવામાં વ્યસ્ત છીએ અને તેઓ તેને બચાવવામાં વ્યસ્ત છે. ભ્રષ્ટાચારીને બચાવવા દરેક એક થઈ રહ્યા છે. વડાપ્રધાને કહ્યું કે પહેલા દેશમાં જવાનો શહીદ થતા હતા. તમને ઘરમાં ઘૂસીને મારો. જે દેશ આપણને આંખો બતાવતો હતો તે આજે કટોરો લઈને ભટકી રહ્યો છે. વડાપ્રધાને કહ્યું- ઈન્ડીવાળા ભ્રષ્ટાચારીઓને બચાવવામાં વ્યસ્ત છે. આગામી ૫ વર્ષમાં ભ્રષ્ટાચારીઓ સામે વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩ દિવસમાં ત્રીજી વખત બિહાર આવ્યા છે. PM વિશેષ વિમાન દ્વારા ગયા એરપોર્ટ અને ત્યાંથી તેઓ ગાંધી મેદાન પહોંચ્યા હતા. ગયામાં પીએમ મોદીએ લાલુ પરિવાર અને આરજેડી પર નિશાન સાધતા કહ્યું કે

આરજેડી બિહારમાં જંગલ રાજનો ચહેરો છે. ઘાસચારાની ચોરીને ગરીબોને લૂંટવામાં આવ્યા છે, તેના પર કોર્ટે મહોર મારી દીધી છે. આરજેડીએ બિહારને માત્ર બે જ વસ્તુ આપી - જંગલરાજ અને ભ્રષ્ટાચાર. આ લાલટેનના લોકો તમને આધુનિક યુગમાં જવા નહીં દે.

વડાપ્રધાને કહ્યું કે પહેલા દેશમાં જવાનોની શહીદી થતી હતી. તમને ગુસ્સો આવતો હતો. તેમને ઘરમાં ઘૂસીને મારો. જે દેશ આપણને આંખો બતાવતો હતો તે આજે કટોરો લઈને ભટકી રહ્યો છે, જે લોકો બંધારણ બદલવાનું કહી રહ્યા છે તેઓએ ઘણા દાયકાઓ સુધી કામ કર્યું છે, પરંતુ તેઓ કાશ્મીરમાં બાબા સાહેબના બંધારણને ક્યારેય લાગુ કરી શક્યા નથી. આ મોદી છે, આજે જમ્મુ-કાશ્મીરમાં પણ બંધારણ લાગુ થઈ ગયું છે.

તેઓ કહેતા હતા કે જો ૩૭૦ હટાવી દેવામાં આવશે તો કાશ્મીરમાં આગ લાગી જશે. આજે કલમ ૩૭૦ નાબુદ થઈ ગઈ છે. જેઓ ભારતના ભાગલા પાડવા માંગે છે તેઓ ઈર્ષ્યા કરે છે.

આ લોકો રામ મંદિર વિશે પણ એવું જ કહેતા હતા. જો રામ મંદિર બનશે તો દેશમાં આગ લાગશે. આજે રામ મંદિર વિશ્વમાં ભારતનું ગૌરવ છે. વડાપ્રધાને કહ્યું કે અમે એવી વ્યક્તિની પૂજા કરી રહ્યા છીએ જેને કોઈએ પૂછ્યું ન હતું. તેમણે કહ્યું કે અગાઉની સરકાર બિહારને પછાત કહીને છટકી જતી હતી. અમે સીમાંચલ અને પૂર્ણિયાના વિકાસને અમારું મિશન બનાવ્યું છે.

મોદીએ કહ્યું કે, આ લોકો બંધારણ મામલે રાજકારણ કરી રહ્યા છે. બંધારણ સભાના ૯૦ ટકા સનાતની હતા જેમણે બાબા સાહેબને ટેકો આપ્યો હતો. આપણા માટે બંધારણ આસ્થાનું કેન્દ્ર છે.

લાલુ પરિવાર અને આરજેડી પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું કે આરજેડી બિહારમાં જંગલરાજનો ચહેરો છે. કોર્ટે પણ ઘાસચારાની ચોરી જાહેર કરી છે. આરજેડીએ બિહારને માત્ર બે વસ્તુ આપી - જંગલરાજ અને ભ્રષ્ટાચાર. આરજેડીના શાસનમાં લોકો ઘરની બહાર નીકળતા નહોતા. આરજેડીએ મોટી સંખ્યામાં બિહારના લોકોને બહાર જવા મજબુર કર્યા હતા.

પીએમએ વધુમાં કહ્યું કે તમે મને કહો, શું આવા લોકો એક પણ સીટ જીતવા લાયક છે. બિહારમાં તેઓ નીતિશજીના કામો અને કેન્દ્રના કામો પર પણ મત માંગે છે. આ આભિમાની લોકોને ભગવાન રામથી પણ સમસ્યા છે. રામ મંદિર વિશે શું કહેવામાં આવે છે. આ લોકોએ રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના આમંત્રણને પણ ફગાવી દીધું હતું. આ આપણી સંસ્કૃતિ નથી. આ આપણી પરંપરા નથી. કોંગ્રેસના રાજકુમાર કહે છે કે તેઓ સનાતનની શક્તિનો નાશ કરશે. તેમના મિત્રો આપણા સનાતનને ડેન્ગ્યુ-મેલેરિયા કહે છે. શું આ સનાતનનું અપમાન નથી?

ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટી અને શેલ દ્વારા ભારતભરમાં ઉત્કૃષ્ટ ઈવી ચાર્જિંગ અનુભવ પ્રદાન કરવા માટે ભાગીદારી

એજન્સી દ્વારા

ભારતની ઈલેક્ટ્રિક વેહિકલ (ઈવી) ક્રાંતિ માટે જ્ઞાત ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટી લિ. (ટીપીઈએમ) દ્વારા ભારતભરમાં પબ્લિક ચાર્જિંગ સ્ટેશન્સ સ્થાપિત કરવા જોડાણ કરવા શેલ ઈન્ડિયા માર્કેટ્સ પ્રાઈવેટ લિમિટેડ (એસઆઈએમપીએલ) સાથે બિન-બંધનકારક સમજૂતી કરાર પર સહીસિક્કા કરવામાં આવ્યા છે. આ જોડાણ ટાટા ઈવી માલિકો દ્વારા વારંવાર મુલાકાત લેવાતાં સ્થળો ખાતે ચાર્જર્સ સ્થાપિત કરવા શેલના વ્યાપક ફ્યુઅલ સ્ટેશન નેટવર્ક અને ભારતીય રસ્તાઓ પર ૧.૪ લાખથી વધુ ટાટા ઈવીમાંથી ટીપીઈએમની ઈનસાઈટ્સનો લાભ લેશે. ઉપરાંત બંને કંપનીઓ ઉત્કૃષ્ટ ચાર્જિંગ અનુભવ પ્રદાન કરવા માટે કામ કરશે.

ભારતમાં ઈવી માલિકોનો અનુભવ સુધારવા માટે ટીપીઈએમ અને શેલ ઈન્ડિયા માર્કેટ્સ પ્રાઈવેટ લિમિટેડ (એસઆઈએમપીએલ) વચ્ચે આ કરાર દેશમાં ઈલેક્ટ્રિક વાહનો વધુ લોકોને અપનાવવા પ્રોત્સાહન આપવા બંને કંપનીઓ વચ્ચેની ખૂબીઓનો લાભ લેવાનું લક્ષ્ય ધરાવે છે. બંને કંપનીઓ સુવિધાજનક પેમેન્ટ સિસ્ટમ્સ અને લોયલ્ટી પ્રોગ્રામ્સ રજૂ કરવા પણ વિચારી રહી છે, જે ટીપીઈએમના ગ્રાહકો માટે વધુ મૂલ્યનો ઉમેરો કરશે.

ટીપીઈએમ ભારતમાં ઈવીની બજાર આગેવાન છે, જે તેના પોર્ટફોલિયોમાં ચાર પ્રોડક્ટો સાથે ઈલેક્ટ્રિક પેસેન્જર વેહિકલ્સમાં ૭૧ ટકા બજાર હિસ્સો ધરાવે છે. ટીપીઈએમે ગુરુગ્રામમાં તેનો પ્રથમ ઈવી- એક્સક્લુઝિવ સ્ટોર શરૂ કરીને દેશમાં ઈવી ઈકોસિસ્ટમમાં વધારો પ્રેરિત કરવા સાથે ભારતના ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવા માટે વિવિધ ચાર્જ પોઈન્ટ ઓપરેટર્સ સાથે કામ કરી રહી છે.શેલ ઈવી રિચાર્જ સ્થળો ૯૮ ટકા-૯૯ ટકા ચાર્જર અપટાઈમ સાથે વિશ્વસનીય અને અત્યંત ઝડપી ચાર્જિંગ પૂરું પાડશે. આ સ્થળો નવા ફૂડ એન્ડ બેવરેજના વિકલ્પો સહિત સુવિધાજનક રિટેઈલ પણ ઓફર કરશે.

દિવ્યાંકા ત્રિપાઠી ટીવીની હાઈએસ્ટ પેડ અભિનેત્રીઓમાં સામેલ છે

એજન્સી દ્વારા

મુંબઈ, તા. ૧૬

ફિલ્મોમાં સફળતા, ફેમ અને પૈસા સરળતાથી નથી મળતાં. આ ઈન્ડસ્ટ્રીમાં કંઈ પણ મેળવવા માટે એક્ટર્સે એડી-ચોટીનું જોર લગાવવાનું પડે છે. બોલિવૂડ સ્ટાર્સની વાત હોય કે ટીવી એક્ટર્સની, દરેકના કરિયરમાં અલગ-અલગ પ્રકારના પડકાર આવે છે અને એક્ટર્સે આ પડકારોનો સામનો કરતાં આગળ વધવું પડે છે. આજે ટીવીની જે લોકપ્રિય એક્ટ્રેસની અહીં વાત કરી રહ્યાં છીએ તે દિવ્યાંકા ત્રિપાઠી છે. દિવ્યાંકા ત્રિપાઠીએ વર્ષ ૨૦૦૪માં 'ઈન્ડિયાઝ બેસ્ટ સિનેસ્ટાર કી ખોજ'થી કરિયરની શરૂઆત કરી હતી અને વર્ષ ૨૦૦૬માં તે ટીવીની પોપ્યુલર સીરિયલ 'બનૂં મે તેરી દુલ્હન'માં લીડ રોલમાં જોવા મળી હતી.

આ સીરિયલથી તેણે ઘર-ઘરમાં ઓળખ મેળવી હતી. દિવ્યાંકા ત્રણ વર્ષ સુધી આ સીરિયલનો હિસ્સો રહી હતી. બનું મેં તેરી દુલ્હન' પછી દિવ્યાંકા ત્રિપાઠીએ 'ખાના ખઝાના', 'ઈન્તેઝાર', 'મિસ્ટર એન્ડ મિસિસ શર્મા અલ્હાબાદવાલે', 'રામાયણ', 'તેરી મેરી લવ સ્ટોરીઝ', 'અદાલત', 'યે હૈ મોહબ્બતે' જેવી સિરિયલોમાં કામ કર્યું છે. દિવ્યાંકા ત્રિપાઠીને ફરી એકવાર 'યે હૈ મોહબ્બતે'થી દર્શકો વચ્ચે જબરદસ્ત લોકપ્રિયતા મળી. ટીવી શોઝની

જાણીતી એક્ટ્રેસ દિવ્યાંકા ત્રિપાઠી પણ ટીવીના પોપ્યુલર સ્ટંટ રિયાલિટી શો 'ખતરોં કે ખિલાડી'માં જોવા મળી છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના રિપોર્ટ મુજબ, આજે આ એક્ટ્રેસ દર એપિસોડ માટે ૧થી ૧.૫ લાખ રૂપિયાની તગડી ફીસ ચાર્જ કરે છે.

ટીવીની ફેવરેટ વહુ દિવ્યાંકા ત્રિપાઠી ભલે આજે પડદા પર રાજ કરી રહી હોય, પરંતુ હકીકતમાં તે ક્યારેય એક્ટિંગની દુનિયામાં આવવા માંગતી ન હતી. ભોપાલની આ એક્ટ્રેસ ઈન્ડિયન આર્મીમાં ઓફિસર બનીને દેશની સેવા કરવા માંગતી હતી, પરંતુ તેની કિસ્મતમાં કંઈક બીજું જ હતું. ભોપાલમાં એક લોકલ બ્યૂટી પેજેંટે દિવ્યાંકા ત્રિપાઠીની કિસ્મત બદલી નાખી હતી.

&TV કલાકારો રામ નવમીની ઉજવણી વિશે વાત કરે છે

એજન્સી દ્વારા

રામનવમી ભગવાન રામની જન્મજયંતીની યાદગીરીમાં ઊજવવામાં આવે છે, જેનું હિંદુ તહેવારોમાં બહુ મહત્ત્વ છે. ભગવાન રામનો જન્મ ચૈત્ર મહિનાના શુક્લ પક્ષ દરમિયાન નવમી તિથિ પર આવે છે. રામનવમી પૂર્વે ભક્તો ચૈત્ર નવરાત્રિ દરમિયાન દેવી દુર્ગાનાં નવ સ્વરૂપોની નવ દિવસ સુધા પૂજા કરે છે, જે પછી નવમા દિવસે ભગવાન રામના જન્મની ઉજવણી કરવામાં આવે છે. રામનવમી નજીક આવી રહી છે ત્યારે એન્ડટીવીના કલાકારો નેહા જોશી (અટલની કૃષ્ણા દેવી વાજપેયી), ગીતાંજલી મિશ્રા (હપ્પુ કી ઉલટન પલટનની રાજેશ સિંહ) અને વિદિશા શ્રીવાસ્તવ (ભાભીજી ઘર પર હૈની અનિતા ભાભી) ભગવાન રામનો ભવ્ય વારસો અને ઉજવણી અને આ ઉજવણીની આધ્યાત્મિક ખૂબીઓમાં પોતે કઈ રીતે તલ્લીન થાય છે તે વિશે જણાવે છે.

અટલમાં નેહા જોશી ઉર્ફે કૃષ્ણા દેવી વાજપેયી કહે છે, "રામનવમી જોશપૂર્વક ઊજવવામાં આવે છે, જે ભગવાન રામ પ્રત્યે ઊંડી શ્રદ્ધા દર્શાવે છે. મારા બાળપણમાં હું નજીકના મંદિરમાં આખી રાત રહેતી હતી ,જ્યાં ઉજવણી જોશભેર ચાલતી તે દિવસો હજુ યાદ છે. નવરાત્રિના નવ દિવસો દરમિયાન હું મંદિરે જતી અને મા દુર્ગાના આશીર્વાદ લેતી. ચૈત્ર નવરાત્રિનો નવમો દિવસ રામનવમી છે, જે ભગવાન રામના

જન્મદિવસ તરીકે ઊજવવામાં આવે છે. મારી દાદી ભગવાન રામના જીવન અને સાહસોનું મહાકાવ્ય રામાયણનું પઠન કરતી. આ પરંપરાને કારણે રામનવમીની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ઉજવણી યુવા પેઢીઓમાં ચાલી આવી છે. આ વર્ષે રામનવમી મારે માટે વધુ યાદગાર અવસર બની રહેશે. મને અયોધ્યામાં રામનવમીની ઉજવણી પૂર્વે ભવ્ય તૈયારીઓ જોવા મળી હતી અને તે મારું સપનું સાકાર થવા જેવું હતું. રામલલ્લાની પવિત્ર મૂર્તિ સામે ઊભા રહેવાનો અવસર પવિત્ર હતો. આ આધ્યાત્મિક યાત્રાએ મારા મન અને અંતરમાં અમીટ છાપ છોડીને મને સમૃદ્ધ બનાવીદીધી છે. રામનવમી ખુશીનો અવસર છે, જે સમુદાયોને એકત્ર લાવે છે. તે દિવસે પૂજાઅર્ચનાછે અને ભગવાન રામનાં મૂલ્યોની ઉજવણી થાય છે. તે બધાને ભગવાન રામના સચ્ચાઈ, અનુકંપા અને ભક્તિનાં પવિત્ર મૂલ્યોને યાદ અપાવીને ભક્તોને ધર્મ (સચ્ચાઈ) અને અન્યોની સેવાનું જીવન જીવવા માટે પ્રેરિત કરે છે.

આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અમદાવાદે ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના આદર્શોની ઉજવણી કરી

એજન્સી દ્વારા

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII), અમદાવાદ ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર જયંતિની ઉત્સાહ અને સમર્પણ સાથે ઉજવણી કરી. ભારતીય બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે યોજાયેલ આ કાર્યક્રમમાં આદરણીય મહાનુભાવોએ હાજરી આપી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી અજય ઉમટ, ગ્રુપ એડિટર, અમદાવાદ મિરર અને નવગુજરાત સમય (શાયોના ટાઈમ્સ પ્રાઈવેટ લિમિટેડ) અને ગેસ્ટ ઓફ ઓનરતથાગત ફાઉન્ડેશનના સ્થાપક પ્રો. મિલિંદ વિશ્વાસ ઉપસ્થિત રહ્યાં હતા.ડો. બાબાસાહેબ આંબેડકરના મહાન યોગદાનને બિરદાવતા શ્રી અજય ઉમટે કહ્યું કે જેમકે આપણે દર વર્ષે ડૉ.બાબાસાહેબ આંબેડકરના વારસાને યાદ કરીએ છીએ, અમે એક એવા દૂરંદેશીનું સન્માન કરીએ છીએ જેમનું યોગદાન કાયદા, રાજનીતિ, ફિલસૂફી, અર્થશાસ્ત્ર અને ઈતિહાસમાં ફેલાયેલું છે. જ્યારે આપણે એક બહોળા સમાજ માટે પ્રયાસ કરીએ છીએ તો તેમનું શિક્ષણ ઉંડાણપૂર્વક પ્રતિબિંબિત થાય છે. ઉદ્યોગ

સાહસિકતા અને કૌશલ્ય વિકાસ દ્વારા હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોને સશક્ત બનાવવાની તેમની પ્રતિબદ્ધતા માટે હું EDIIની પ્રશંસા કરું છું.

ચાલો આપણે બધા માટે સમાન તકોની શોધમાં આગળ વધવાનું ચાલુ રાખીએ.પ્રોફેસર મિલિન્દ વિશ્વાસે સમાજના વર્ગોને ઉત્થાન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કેવંચિતોને સશક્ત બનાવવું એ માત્ર નૈતિક આવશ્યકતા નથી; તે આપણા સામૂહિક ભવિષ્યમાં રોકાણ છે, જ્યારે આપણે તેમની આગળ વધવાની ક્ષમતાને રજૂ કરીએ છીએ.

ઈનોવેશન કરો, આર્થિક વિકાસને પ્રોત્સાહન આપો અને વધુ ન્યાયી સમાજનું નિર્માણ કરો, ચાલો અવરોધોને દૂર કરીને સશક્તિકરણ માટે પ્રયત્ન કરીએ અનેએવી દુનિયાનું નિર્માણ કરીએ જ્યાં દરેક વ્યક્તિને વિકાસ કરવાની તક મળે.

EDIIના એસોસિયેટ પ્રોફેસર ડૉ.પ્રકાશ સોલંકીએજણાવ્યું હતું કે, અમારી યોજનાઓ દ્વારા વંચિત ગ્રામીણ સમુદાયો પર ધ્યાન કેન્દ્રિત કરીને, અમે લોકોને ટકાઉ આજીવિકાનું સર્જન કરવા માટે સાધનો અને જ્ઞાન સાથે સશક્તિકરણ કરવાનો પ્રયત્ન કરીએ છીએ, જેનાથી ડૉ. આંબેડકરના સામાજિક દ્રષ્ટિકોણને હાંસલ કરવામાં આવે છે અને આર્થિક સમાનતા સાકાર થઈ શકે છે.-

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને લાગ્યો મોટો ઝટકો

ગ્લેન મેક્સવેલે ટીમથી દૂર થવાનો આકરો નિર્ણય લીધો

બેંગ્લુરુ,તા.૧૬

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) અને ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલે IPL 2024 સીઝનમાંથી દુર થવાનો નિર્ણય લીધો છે.તેણે અનિશ્ચિત સમય માટે બ્રેક લેવાનો નિર્ણય કર્યો છે. સોમવારે રાત્રે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે આરસીબીની હાર બાદ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મીડિયા સાથે વાત કરતી વખતે મેક્સવેલે આ જાહેરાત કરી હતી. મેક્સવેલને આ સિઝનમાં તેના ખરાબ ફોર્મના કારણે ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો છે.સનરાઈઝર્સ હૈદરાબાદ વિરુદ્ધ તો તે પ્લેઈંગ ૧૧નો પણ ભાગ ન હતો. વિલ જૈક્સ તેના સ્થાને પ્લેઈંગ ૧૧માં જગ્યા બનાવી હતી. મેક્સવેલે કહ્યું પાવરપ્લે બાદ અમારી બેટિંગ થોડી નબળી હતી.પ્રેસ કોન્ફરન્સમાં મેક્સવેલે કહ્યું કે, હાલના સમયમાં તેની

માનસિક અને શારીરિક સ્થિતિ સારી નથી. આ માટે તેમણે બ્રેક લેવાનો નિર્ણય કર્યો છે. ઓસ્ટ્રેલિયાના ઓલરાઉન્ડર એ જણાવ્યું નથી કે, તે આ લીગ આગળ રમશે કે કેમ, કે પછી આઈપીએલ ૨૦૨૫ની સીઝનમાંથી વાપસી કરશે. ગ્લેન મેક્સવેલે સાતમાંથી ૬ઠ્ઠી મેચમાં હાર બાદ કહ્યું, અંગત કારણોસર મારા માટે હાલમાં કાંઈ સરળ નથી.હું છેલ્લી મેચ પછી ફાફ (ડુ પ્લેસિસ) અને કોચ પાસે ગયો અને કહ્યું કે મને લાગે છે કે હવે કદાચ આપણે કોઈ બીજાને અજમાવીએ.ખેલાડીએ કહ્યું કે, હવે ખરેખર મારે માનસિક અને શારીરિક બ્રેક લેવો જોઈએ, મારા શરીરને યોગ્ય કરવા માટે એક સારો સમય આપવાની આ તક છે.જો ટૂર્નામેન્ટ દરમિયાન રમવાની જરુર પડે છે તો હું આશા રાખું છુ કે,હું માનસિક અને શારીરિક સ્થિતિમાં પરત ફરી શકું,મેક્સવેલે આ સીઝનમાં અત્યારસુધી કુલ ૬ મેચમાં ૫.૩૩ ની સરેરાશથી ૯૪.૧૨ના સ્ટ્રાઈક રેટથી માત્ર ૩૨ રન બનાવ્યા છે. આ પહેલા પણ તે ખરાબ ફોર્મમાંથી પસાર થઈ ચુક્યો છે.આરસીબીની ટીમ આઈપીએલ ૨૦૨૪માં પોઈન્ટ ટેબલમાં સૌથી નીચે છે.

હેવમોર આઈસ્ક્રીમે 'શાહી કેસર' અને 'બ્લુબેરી ચીઝકેક' લોન્ચ કરી

આઈસ્ક્રીમ બ્રાન્ડમાં સૌથી લોકપ્રિય એવી હેવમોર બ્રાન્ડ એ લોટે વેલફૂડ કંપની લિમિટેડનો એક ભાગ છે. આ હેવમોર આઈસ્ક્રીમે સમર સિઝનને લઈને બે નવી આકર્ષક અને શાનદાર ફ્લેવર્સ એવી 'બ્લુબેરી ચીઝકેક' અને 'શાહી કેસર'ને લોન્ચ કરી છે, આમ આ વખતે પણ હેવમોર આઈસ્ક્રીમ સમર સિઝનને આવકારવા સંપૂર્ણ સજજ બન્યું છે. હેવમોર આઈસ્ક્રીમ ભારતીય ગ્રાહકોની પસંદગીઓને ખૂબ જ સારી રીતે સમજે છે. એટલા જ માટે હેવમોર હંમેશાથી તેઓના સંપૂર્ણ સ્વાદથી મોહિત કરે એવા ફ્લેવર્સ લાવવાનો પ્રયાસ કરે છે. ઈનોવેશન પ્રત્યે પ્રતિબદ્ધતા અને ગ્રાહકોની રુચિઓને સમજવાની સમજ સાથે હેવમોર આ સમર સિઝનમાં ફેમિલી પેકમાં નવા અનિવાર્ય આઈસ્ક્રીમ ફ્લેવર એવા 'બ્લુબેરી ચીઝકેક' અને 'શાહી કેસર' ઓફર કરી રહ્યું છે. હેવમોર બ્રાન્ડે ખરેખરમાં એ બાબતનું ધ્યાન રાખ્યું છે કે આ સિઝનમાં લોકો પરિવાર અને મિત્રો સાથે ઘરે રહેવાનું પસંદ કરતા હોય છે,

ત્યારે આ ફેમિલી પેક અને ફ્લેવર્સ ક્રિએટિવ ટિપ્સ સાથે ટાઈમલેસ ક્લાસિક ક્રિએટિવ ટવિસ્ટ સાથેનું સંપૂર્ણ મિશ્રણ છે. ઉપરાંત એવા આઈસ્ક્રીમ લવર્સ માટે આ બિલુકલ બરાબર છે, જેઓ ક્લાસિક ફ્લેવરને પસંદ કરે છે તેમ છતાં કંઈક નવું ટ્રાય કરવા ઈચ્છતા આઈસ્ક્રીમ લવર્સ માટે 'શાહી કેસર' જે ડ્રાય ફ્રૂટથી ભરપૂર આઈસ્ક્રીમમાં કાજુ, બદામ, મધ, ઈલાયચી અને કેસરનું મિશ્રણ કરીને એક શાહી મિજબાની પ્રદાન કરે છે. જ્યારે બીજી બાજુ 'બ્લુબેરી ચીઝકેક' ક્લાસિક ડેઝર્ટમાંથી પ્રેરણા લે છે, જે દરેક ચમચીમાં એક શાનદાર ક્રીમી ટેક્સચર સાથે ક્રીમી ચીઝકેક અને ટેન્ગી બ્લુબેરી રિપલનું આનંદદાયક ફ્યુઝન ઓફર કરે છે.

હાયર ઈન્ડિયાએ S800QT QLED સિરીઝ રજૂ કરીને તરબોળ રીતે જોવાનો નવો માપદંડ પૂરો પાડ્યો

એજન્સી દ્વારા

છેલ્લા સતત ૧૫ વર્ષોથી નં. ૧ વૈશ્વિક મોટા એપ્લાયંસીસની બ્રાન્ડ એવી હાયર એપ્લાયંસીસ ઈન્ડિયાએ અદ્યતન સ્માર્ટ QLED સિરીઝ S800QT બજારમાં મુકી હોવાની ઘોષણા કરી છે. હોમ એન્ટરટેઈનમેન્ટ અનુભવમાં વધારો કરતી આ સિરીઝ 4K QLED ડીસ્પ્લે ધરાવે છે અને ૭૫'', ૬૫", ૫૫" અને ૪૩'' એમ ચાર સાઈઝમાં આવે છે. રૂ. ૩૮,૯૯૦ની પ્રારંભિક કિંમત સાથે તે દરેક ચેનલ્સમાં ઉપલબ્ધ બનશે. તદ્દન નવી QLED સિરીઝને અસમાંતરીત મનોરંજન અનુભવ પૂરો પાડવાની હાયર ઈન્ડિયાની બહોળી ખ્યાતિ પર બનાવવામાં આવી છે, જે વિસ્તરિત લાક્ષણિકતાઓ અને જાદુઈ ડિઝાઈન તત્ત્વ પ્રદાન કરે છે. મૂળમાં ક્વોન્ટમ ડોટ ટેકનોલોજી ધરાવતી S800QT સિરીઝ કલર્સ, વાસ્તવિક જીવન જેવા વિઝ્યૂઅલ્સ અને 4K ડીસ્પ્લે સાથે અતુલનીય ક્લેરિટીનો અપવાદરૂપ વ્યાપ રજૂ કરે છે, જેનો હેતુ

ગ્રાહકોને તેમના ઘરેથી જ અસમાંતરીત સિનેમેટિક મુસાફરીમાં તરબોળ કરી દેવાનો છે.

હાયર ઈન્ડિયાના પ્રમુખ શ્રી એનએસ સતીષએ જણાવ્યું હતુ કે, ''હાયર ખાતે અમે ઘરના મનોરંજનના અનુભવને સતત પુનઃવ્યાખ્યાયિત કરવા માટે સમર્પિત છીએ અને ભવિષ્યની સક્ષ્ક S800QTQLED સિરીઝ સાથે અમે અદ્યતન ટેકનોલોજી અને કલાત્મક સુંદરતા એમ બન્નેનું એકસૂત્રતા ધરાવતુ મિશ્રણ રજૂ કરીએ છીએ. ઘરમાં બિનસમાધાનકારી વિઝ્યૂઅલ અને તરબોળ સિનેમેટીકની ઝંખના રાખતા ગ્રાહકોને સેવા આપતા હાયર ઈન્ડિયા અસમાંતરીત હોમ એન્ટરટેઈનમેન્ટ પ્રદાન કરીને વિકસતી જતી જરૂરિયાતો અને ગ્રાહકોની પસંદગીને પહોંચી વળવા ઈરાદો સેવે છે.

નવી QLED સિરીઝનું લોન્ચ ગ્રાહકોને શ્રેષ્ઠ ટેકનોલોજીકલી એડવાન્સ્ડ પ્રોડક્ટ્સ કે જેમાં સ્ટાઈલ અને નવીનતા હોય તે પૂરું પાડવાની અમારી પ્રતિબદ્ધતા પર ભાર મુકે છે.''

સુરત લોકસભા બેઠકના ઉમેદવાર મુકેશભાઈ દલાલના જનસમર્થનમાં ભવ્ય રોડ શો યોજાયો. આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રી દર્શનાબેન જરદોશ, રાજ્યકક્ષાના મંત્રી મુકેશ પટેલ, પ્રદેશ મંત્રી શીતલબેન સોની, ક્લસ્ટર પ્રભારી ભરત પંડ્યા, શહેર પ્રમુખ નિરંજન ઝાંઝમેરા, મેયર દક્ષેશ માવાણી સહિત આગેવાનો, હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ક્ષત્રિયોના વિરોધ વચ્ચે પરષોત્તમ રુપાલાએ રાજકોટ બેઠક પરથી ઉમેદવારી પત્ર ભર્યું

પ્રતિનિધિ દ્વારા

રાજકોટ,તા.૧૬

ગુજરાતમાં હવે લોકસભા ચૂંટણીનું વોટિંગ થવાને વીસ દિવસ જેટલો જ સમય બાકી રહ્યો છે ત્યારે વિવાદમાં સપડાયેલા રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રુપાલાએ ઉમેદવારી પત્ર ભરી દીધું છે. રુપાલા સામે ક્ષત્રિય સમાજ ઘણા દિવસોથી વિરોધ કરી રહ્યો છે, પરંતુ હવે રુપાલાએ ઉમેદવારી નોંધાવ્યા બાદ હવે રાજકોટ બેઠક પર રુપાલા અને ધાનાણી વચ્ચે ટક્કર થશે. રુપાલા ફોર્મ ભરવા પહોંચ્યા ત્યારે પૂર્વ સીએમ વિજય રુપાણી અને પૂર્વ મંત્રી વજુભાઈ વાળા સહિતના પક્ષના વરિષ્ઠ નેતાઓ તેમની સાથે ઉપસ્થિત રહ્યા હતા. ઉમેદવારી નોંધાવતા પહેલા રુપાલાએ પોતાને ક્ષત્રિયોના સાથની જરુર હોવાનું પણ નિવેદન આપ્યું હતું. જોકે, તેઓ ફોર્મ ભરવા પહોંચ્યા ત્યારે ક્ષત્રિય યુવાનોએ કાળા વાવટા બતાવીને તેમનો વિરોધ કર્યો હતો. ક્ષત્રિયોએ રુપાલાની ઉમેદવારી પાછી ખેંચવા માટે ૧૯ એપ્રિલ સુધીનું અલ્ટિમેટ આપ્યું હતું, પરંતુ રુપાલાએ ફોર્મ ભરી દીધા બાદ હવે ક્ષત્રિયોની માંગ આગળ ભાજપ ઝૂકે તેવી

કોઈ શક્યતા નથી બચી. રાજકોટમાં પીએમ નરેન્દ્ર મોદી ૨૨ એપ્રિલે ચૂંટણી સભા સંબોધીને પ્રચારનો પ્રારંભ કરવાના છે, તેમના કાર્યક્રમ પહેલા ક્ષત્રિય આગેવાનો સાથે સમાધાન કરવાના ભાજપના ટોચના નેતાઓએ તમામ પ્રયાસ કર્યા હતા, પરંતુ હજુ સુધી તેમાં સફળતા નથી મળી. વિરોધ કરી રહેલા ક્ષત્રિયોને મનાવવા માટે ભાજપના ક્ષત્રિય નેતાઓને પણ જવાબદારી સોંપવામાં આવી હતી, આ રુપાલાએ ફોર્મ ભર્યું તે પહેલા મોડી રાત્રે પણ સીએમ ભૂપેન્દ્ર પટેલ, ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની હાજરીમાં ક્ષત્રિય સમાજની કોર કમિટિના સભ્યો સાથે એક મિટિંગ કરવામાં આવી હતી. તે પહેલા ગોતા ખાતે પણ સમાજના આગેવાનો એકત્ર થયા હતા, જેમાં સમાજ પોતાની માગ પર અડગ રહેશે તે અંગે સહમતી સધાઈ હતી. જો રુપાલાની ઉમેદવારી પાછી ના ખેંચાય તો ક્ષત્રિય સમાજે રાજકોટ બેઠક પર ૪૦૦ ઉમેદવારો ઉભા રાખવાની સાથે બાકીની બેઠકો પર પણ પક્ષની વિરૂદ્ધ મતદાન કરવાની ચિમકી ઉચ્ચારી છે. ઉલ્લેખનીય છે કે, ક્ષત્રિયો માત્ર રાજકોટમાં જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં રુપાલાનો વિરોધ કરી રહ્યા છે અને ઘણા ગામોમાં ભાજપના કાર્યકર્તાઓએ પ્રચાર કરવા માટે આવવું નહીં તેવા બેનર પણ લગાવવામાં આવ્યા છે. રવિવારે રાજકોટમાં યોજાયેલી મહાસભમામાં મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના લોકોએ હાજર રહીને શક્તિ પ્રદર્શન કર્યું હતું, આ સિવાય સોશિયલ મીડિયામાં પણ ક્ષત્રિયો રુપાલા તેમજ ભાજપ વિરૂદ્ધ કેમ્પેઈન ચલાવી રહ્યા છે.આ મામલાને ઠંડો પાડવા માટે સૌરાષ્ટ્રના રાજવી પરિવારોએ પણ પ્રયાસ કર્યા હતા, રાજકોટ અને ત્યારબાદ જામનગરના રાજવી પરિવારોએ રુપાલાને માફ કરી દેવા માટે સમાજના લોકોને અપીલ કરી હતી. જોકે, તેમ છતાંય ક્ષત્રિયો સમાધાનના મૂડમાં નથી.

UK રજિસ્ટર કંપનીનાં કરોડોના ફોરેક્સ ઈન્વેસ્ટમેન્ટ કૌભાંડનો પર્દાફાશ : અમરેલીથી આરોપી ઝડપાયો

પ્રતિનિધિ દ્વારા

અમરેલી,તા.૧૬

CID (ક્રાઈમ)ની ઈકોનોમિક ઓફેન્સ વિંગ (EOW)નાં અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમણે ફોરેક્સની પોન્ઝી સ્કિમ થકી રૂ. ૭ કરોડની છેતરપિંડીમાં મુખ્ય આરોપીની ધરપકડ કરી દીધી છે. આરોપીઓએ કથિત રીતે યુનાઈટેડ કિંગડમ (UK)માં એક કંપની રજીસ્ટર કરી હતી, જેમાં ૩૮ જેટલા લોકોને મોટા પ્રમાણમાં વળતર આપવાનાં વચન સાથે રોકાણ કરવાની લાલચ આપી હતી અને તેમની સાથે છેતરપિંડી કરી હતી.

EOWનાં અધિકારીઓનાં જણાવ્યા અનુસાર, તેમણે ૭ એપ્રિલે અમરેલીમાંથી રવિરાજસિંહ વાઘેલાની ધરપકડ કરી હતી અને તેને ૧૫ એપ્રિલ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. વાઘેલાએ કથિત રીતે દ્વમાં રાઈટ ગ્રૂપ ફાઈનાન્સિયલ લિમિટેડ નામની ફર્મ રજીસ્ટર કરી હતી અને સોશિયલ મીડિયા દ્વારા રજૂ કરાયું હતું કે કંપની ફોરેક્સ બિઝનેસમાં એક્ટિવ છે. રવિરાજસિંહ સહિત કંપનીના માલિકોએ ૫% થી ૭% સુધીનું માસિક વળતર ઓફર કર્યું હતું અને અમદાવાદ, ભાવનગર, પંજાબ અને દુબઈમાં ઓફિસો સ્થાપી હતી.

આરોપીઓએ ડમી ટ્રેડિંગનું કામ શરૂ કર્યું હતું અને તેમાં જ રોકાયા હતા. આમાં તેઓ રોકાણકારોને યૂઝર આઈડી અને પાસવર્ડ આપતા હતા. જેના વડે તે બધા લોગ ઈન કરી શકે અને બાદમાં અહીં તેમને એક એકાઉન્ટ આપવામાં આવતું હતું જેમાં રૂપિયા જમા કરાવવાનો આદેશ કરાતો હતો. આ એકાઉન્ટ્સ જે હતા તે વિવિધ કંપનીઓ, કર્મચારીઓ અને આરોપીઓનાં નામે ખોલાયા હતા. તેવામાં જે રૂપિયાનું ભંડોળ જમા થતું તેને મુંબઈની આંગડિયા પેઢીઓ દ્વારા મોકલવામાં આવતું હતું.

હવે UKથી ક્લાસિફાઈડ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ બીજી બધી વાતચીતો કરીને લોકોને વિશ્વાસમાં લેવામાં આવતા હતા. આમાં શરૂઆતમાં જેને જેને ઈન્વેસ્ટમેન્ટ કર્યું હતું તેનો તેનો વિશ્વાસ જીતવા માટે આ લોકોએ રૂપિયા પરત પણ આપ્યા હતા. હવે શાનદાર વળતર મળતું જોઈને લોકોને વધારે ઈચ્છા જાગી અને તેમને મોટી રકમ એકાઉન્ટમાં એડ કરવાનું શરૂ કરી દીધું હતું. આ દરમિયાન આવી પોન્ઝિ સ્કિમ ચલાવતા લોકોએ ઈન્વેસ્ટરના મૂડી અને વ્યાજના રકમને ખોટી રીતે વાપરી હતી.

એક રોકાણકારે ૩૧ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ અમરેલીમાં સાયબર ક્રાઈમ પોલીસમાં પંકજ વઘાસિયા, શક્તિસિંહ વાઘેલા, અક્ષરરાજસિંહ વાઘેલા, ગૌરવ સોજીત્રા અને વિજયસિંહ ગોહિલ સામે ફરિયાદ નોંધાવી હતી, જે તમામની ધરપકડ કરવામાં આવી હતી.

આરોપીઓ પર ભારતીય દંડ સંહિતાની કલમ ૩૪, ૪૦૬ (વિશ્વાસનો ફોજદારી ભંગ), ૪૦૯ અને ૪૨૦ (છેતરપિંડી) હેઠળ ફરિયાદ નોંધવામાં આવી હતી. પ્રાઈઝ ચિટ્સ અને મની સર્ક્યુલેશન સ્કીમ્સ એક્ટ અને ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ એક્ટ હેઠળના ચાર્જિસ લગાડવામાં આવ્યા છે. નાયબ પોલીસ અધિક્ષક પી એચ ચૌધરીએ જણાવ્યું હતું કે આવા ફ્રોડમાં ૭.૪૪ કરોડ રૂપિયા ગુમાવનારા ૩૮ લોકોએ EOWનો સંપર્ક કર્યો હતો. તેમણે વધુમાં કહ્યું કે અત્યારે બે આરોપીઓ કેતન વાટાલિયા અને ઉમેશ ફરાર છે.

શક્તિસિંહ ગોહિલે રૂપાલા - ક્ષત્રિય વિવાદમાં ઝુકાવ્યું

અહંકારથી માફીનું નાટક કરે તો માફ ન કરાય

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૧૬

ક્ષત્રિયો અને રૂપાલા વિવાદમાં હાલ સૌથી વધારે જો કોઈને ફાયદો થઈ રહ્યો હોય તો તે કોંગ્રેસ છે. કોંગ્રેસને જાણે આ આંદોલનથી બગાસું ખાતા પતાસુ મળી ગયું છે. તેથી કોંગ્રેસ પાર્ટી જ્યાં તક મળે ત્યાં મોકો છોડતી નથી. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે બળતા પર ઘી હોમવાનો પ્રયાસ કરતાં કહ્યું કે, કોઈ ગુનો કરે, અહંકારથી માફીનું નાટક કરે તો માફ ન કરાય. રૂપાલાએ જે રીતે માફી માગી છે તે રીતે માફ ન કરવા જોઈએ. કોઈ રાજા રજવાડાએ અંગ્રેજો સાથે રોટી બેટીનો વ્યવહાર નહોતો કર્યો. રૂપાલા ક્ષત્રિય વિવાદ અંગે ગુજરાત કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ દ્વારા એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. શક્તિસિંહ ગોહિલે જણાવ્યું છે કે કોઈ વ્યક્તિ ભુલ કરે પસ્તાવા સાથે દિલથી માફી માંગે તો તેને સમાજ કે વ્યક્તિ માફ કરે. રૂપાલાની જેમ માંગેલી માફીની જેમ નહી. જો કોઈ ગુન્હો કરે અને પછી અહંકારથી માફીનું નાટક કરે તો કોઈ માફ ન કરે. દેશના અને સંસ્કૃતિના રક્ષણ માટે તમામ જ્ઞાતિના રાજા રજવાડાઓએ હતા. કોઈ રાજા રજવાડાએ અંગ્રેજો સાથે રોટી બેટીનો વ્યવહાર નહોતો કર્યો, છતાં રૂપાલાએ વાણી વિલાસ કરી રોટી બેટીનો વ્યવહાર કરતા હોવાનું નિવેદન કર્યું હતું. આ નિવેદનથી કોઈ એક જ્ઞાતી નહીં દેશની દિકરીઓનું અપમાન થયું છે. રોષ ઉભો થયા બાદ રૂપાલાએ દેશની તમામ દિકરીઓની માફી માંગવી જોઈએભાજપે જે અહંકાર દાખવ્યો તે દુઃખદ તેમણે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીએ રાજકીય પક્ષ તરીકે સક્રિય થવુ જોઈએ. જોકે બંને માંથી કંઈ પણ ન થયું ભાજપે તેમના એક નેતાને ત્યાં સંમેલન બોલાવ્યું, જ્યાં રૂપાલાએ માફી માંગતા કહ્યું કે હું જે બોલું છંન તેની ક્યારેય માંફી માંગતો નથી, પણ જો પક્ષને નુકસાન થતું હોય તો માંફી માંગુ છું. શું આ માફી કહેવાય? જે સમાજના કાર્યક્રમમાં ગયા હતા તે સમાજના કાર્યકમ કામનો જ ન હતો, તેમ કહી દલિત સમાજનું અપમાન પણ કર્યું હતું. ભાજપે જે અહંકાર દાખવ્યો તે દુઃખદ. ગોહિલે જણાવ્યું હતું કે, રાજકીય પાર્ટીની કેટલીક જવાબદારીઓ હોય. રૂપાલાએ દેશની મા બેહન દિકરીનું અપમાન કર્યુ, એ ગંભીર ભુલ ગણી ભાજપે ટીકીટ રદ કરવાની જરૂર હતી. પરંતુ ભાજપે અહંકાર દાખવી સમાજને તોડવા અને ભાગલા પાડવાનું કામ કર્યું. જે સામે કેસ છે તેમને મજબુર કરી કમલમમાં બોલાવી રૂપાલાના સમર્થનમાં નિવેદન કરાવ્યા. થયેલી ગંભીર ભુલ સંદર્ભે રાજકીય પક્ષને શક્શ બંનેએ માફી માંગવી જોઈતી હતી. જ્યારે કોઈ આંદોલન થાય ત્યારે સરકાર વિવેક પુર્ણ વ્યવહારની ફરજ પાડવી જોઈએ. આજે આંદોલનકારીની પાઘડી પાડી તેની આબરૂ પડાઈ રહી છે. ઈરાદા પુર્વક હાથ મારી પાઘડી અને આબરૂ પાડી શાસક હોવાનું દર્શાવ્યું. અહંકાર તો સોનાની નગરીના રાવણનો પણ નહોતો ટક્યો, પોલીસ અધિકારી અને સામાજીક આગેવાનો દ્વારા હાલ ક્ષત્રિયો સમાજના લોકોને સમજાવાના પ્રયત્નો થઈ રહ્યા છે. જો ભાજપે ટીકીટ રદ કરી હોત તો રાજકીય પક્ષ તરીકે જવાબદારી નિભાવ્યાનું કહી શકાત. પરંતુ ભાજપ આ કામમાં ઉણી ઉતરી છે. દિકરીઓનુ અપમાન કર્યું છે તેમ કહી ભારતીય જનતા પાર્ટીએ રૂપાલાની ટીકીટ રદ કરવાની જરૂર હતી.તેમણે જણાવ્યું કે, રાજકોટમાં એક જ્ઞાતીનુ સંમેલન મળ્યું, જેમાં અઢારેય વર્ણનો સાથ અને સહકાર મળ્યો. ક્ષત્રિય ક્યારેય કોમ વાદી નથી બન્યો, સિધ્ધાંતવાદી બન્યો છે. હજારો લોકો વચ્ચે ટીટોડીના ઈંડાને પણ નુકસાન ન થાય તેની ચિંતા કરી છે. તમામ જ્ઞાતિના રાજા મહારાજાઓના ક્ષત્રિય સમાજના સંમેલનને સમર્થન મળ્યું. ભાજપનું સમાજમાં ભાગલા પાડવાનું કાવતરું નિષ્ફળ રહ્યું, સમાજ એકત્ર થયો. હવે ભાજપ હાઈકમાન્ડના શરણે જાય છે. આ આંદોલન કોઈ મુઠ્ઠીભર નેતાઓએ ઉભુ કરેલુ આંદોલન નથી. દેશની માં બહેન દિકરીઓનુ અપમાન થયા બાદ સ્વયંભુ ઉભુ થયેલુ આંદોલન છે. ભાજપને લાગે છે કે થોડા લોકો પાસે નિવેદન કરાવવાથી સમાજ માફ કરશે પણ ભાજપ ભ્રમમાં છે. આ સામાજિક આંદોલન છે ભાજપ સમય ચુકી ગયુ છે. પાણી વહી ગયા બાદ પાળ બાંધવાનો કોઈ મતલબ નથી. ભાજપે શરૂઆતમાં માફી માંગી ટીકીટ રદ કરી હોત તો તમારી શાખ વધત. ભુતકાળના આંદોલનને કચડી નાખ્યા બાદ પણ મત મળતાં ભાજપ અહંકારમાં આવી ગયું છે. દેશની જનતા આ અહંકારને નહીં ટકવા દે. વિનાશ કાળે વિપરીત બુદ્ધી.. ભાજપના હાથકંડા કામે નહીં લાગે.

ટ્રેનની ગતિ ૩૫૦ કિમી પ્રતિ કલાક સુધી રહેવાની આશા છે

દિલ્હીથી અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેનનું સંચાલન શરૂ થતાં સમય ઘટશે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૧૬

દિલ્હીથી અમદવાદ વચ્ચે બુલેટ ટ્રેનનું સંચાલન શરૂ થતાં બંને શહેરો વચ્ચેનો સમય ૯ કલાક ઘટાડીને સાડા ૩ કલાક રહી જશે. અત્યારે આ ટ્રેન વડે કવર કરવામાં ૧૨ કલાકનો સમય લાગે છે. જો તમે પણ મોટાભાગે ટ્રેનમાં મુસાફરી કરો છો. તો આ સમાચાર ખુશ કરી દેશે. મુંબઈ-અમદાવાદ રૂટ પર બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. આ રૂટ પર બુલેટ ટ્રેનનું સંચાલન ૨૦૨૬ માં શરૂ થવાની આશા છે. આ સાથે જ દેશમાં વધુ એક રૂટ પર બુલેટ ટ્રેન દોડાવવાનું પ્લાનિંગ થઈ રહ્યું છે. હવે દિલ્હીથી અમદાવાદના રૂટ પર પણ બુલેટ ટ્રેન સેવા મળવાની છે. આ તેને ગુજરાતનો બીજો હાઈ સ્પીડ રેલવે પ્રોજેક્ટ બનાવી દેશે. આ ઉંચા કોરિડોર પર ૨૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ચાલીને બંને શહેરોના વચ્ચેના અંતરને કવર કરવાવાળા ૧૨ કલાકના સમયને ઘટાડીને ફક્ત ૩.૫ કલાક કરી દેશેરેલવે દ્વારા આપવામાં આવેલા અંતિમ અહેવાલમાં કહેવામાં આવ્યું હતું કે પ્રસ્તાવિત ટ્રેન હિંમતનગર, ઉદયપુર, ભીલવાડા, ચિત્તોડગઢ, અજમેર, કિશનગઢ, જયપુર, રેવાડી અને માનેસર સ્ટેશનોને આવરી લેશે. આગામી લોકસભા ચૂંટણી માટે ભાજપે પોતાના ઘોષણાપત્રમાં કહ્યું છે કે ઉત્તર, દક્ષિણ અને પૂર્વમાં એક-એક બુલેટ ટ્રેન દોડાવવામાં આવશે. અમદાવાદ-દિલ્હી બુલેટ ટ્રેન દેશમાં કનેક્ટિવિટી વધારવા અને પ્રવાસનને પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત છ નવા હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટનો એક ભાગ છે. સપ્ટેમ્બર ૨૦૨૦ માં નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન

એ રેલવે લાઈનની અંતિમ ડિઝાઈન માટે બિડ પ્રોસેસ શરૂ કર્યું. તેમાં એરિયલ LiDAR સર્વેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એરિયલ સર્વેમાં પ્રોજેક્ટમાં તેજી લાવવા માટે જાહેરાત કરવામાં આવી હતી. હવે પ્રોજેક્ટ અંતિમ એપ્રૂવલ મળવાની આશા છે. રેલવે અધિકારીઓએ કહ્યું કે અમદાવાદ અને દિલ્હી વચ્ચે લગભગ ૯૦૦ કિમી લાંબો એલિવેટેડ કોરિડોર બંને શહેરો વચ્ચેની યાત્રાનો સમય નવ કલક સુધી ઓછો કરી દેશે.

રેલવે દ્વારા ટ્રેકને હાલના રેલવે નેટવર્કની સાથે તૈયાર કરવામાં આવશે. અધિકારીએ જણાવ્યું હતું કે જમીન સંપાદનનું કામ ઓછું થાય તે માટે આ માર્ગ પસંદ કરવામાં આવ્યો હતો. આટલા મોટા પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટે જમીન સંપાદનમાં સૌથી વધુ સમય લાગે છે. આમાં વ્યક્તિને અનેક પ્રકારના કેસનો સામનો પણ કરવો પડે છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં છપાયેલા સમાચાર મુજબ, ટ્રેન સેવા સાબરમતી સ્ટેશનથી શરૂ થશે, જ્યાં તમામ પ્રકારના રૂટ મળે છે.

રસ્તામાં અમદાવાદ અને દિલ્હી સ્ટેશન ઉપરાંત નવ મોટા સ્ટેશન હશે. ટ્રેનની ગતિ ૩૫૦ કિમી પ્રતિ કલાક સુધી રહેવાની આશા છે. આ ટ્રેન ગુજરાત, રાજસ્થાન અને હરિયાણાના કેટલાક સિલેક્ટેડ સ્ટેશનો પર અટકશે અને પછી દિલ્હી પહોંચશે. આમ તો અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન સેવા જુલાઈ ૨૦૨૬ સુધી શરૂ થવાની આશા છે

ગાંધીનગરમાં અધિકારી લાંચ લેતા ACBના હાથે ઝડપાયો

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર, તા.૧૬

ફરીયાદીએ સસરા અને તેમના ભાઈઓના નામે વડીલોપાર્જીત જમીનમાં પત્નીનું નામ વારસાઈ પત્રકમાં દાખલ કરાવવા પેઢીનામું બનાવી આપવા ગ્રામ પંચાયતમાં ગાંધીનગરમાં છાલા ગામ ખાતે ફરિયાદીએ પત્નીનું નામ વારસાઈ પત્રકમાં દાખલ કરાવવા પેઢીનામું બનાવવા ગ્રામ પંચાયત ગયા હતા પરંતુ તલાટી કમ મંત્રીએ રૂપિયા ૨ લાખની માગ કરતા ફરિયાદીએ ACBનો સંપર્ક કર્યો હતો. ACBએ છટકું ગોઠવી લાંચિયા અધિકારીને રંગે હાથ ઝડપ્યો છે.ફરીયાદીએ સસરા અને તેમના ભાઈઓના નામે વડીલોપાર્જીત જમીનમાં પત્નીનું નામ વારસાઈ પત્રકમાં દાખલ કરાવવા પેઢીનામું બનાવી આપવા ગ્રામ પંચાયતમાં ગયા હતા પણ આરોપી હઠીસિંહ કાનજીભાઈ સોલંકીએ પેઢીનામું કરાવવા ફરીયાદી પાસે રૂપિયા ૨ લાખની માંગણી કરી હતી. ફરિયાદી અને આરોપીની રકઝકના અંતે રૂપિયા ૫૦ હજાર આપવાના નક્કી થયા હતા.આરોપી તલાટી કમ મંત્રી તરીકે માધવગઢ ગ્રામ પંચાયત ખાતે ફરજ બજાવતો હતો. લાંચના નાણા ફરીયાદી આપવા માંગતા ન હોવાથી લાંચની ફરિયાદ ACB કરી હતી. એસીબીએ લાંચનું છટકું ગોઠવતા આરોપીએ સ્થળ ઉપર લાંચની રકમ સ્વીકારતા પકડાઈ જતાં ગુનો કબૂલ્યો હતો.

રેલવે હવે ઠંડા પાણીની પરબ માટે સ્વૈચ્છીક સંસ્થાઓને અપીલ કરશે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ, ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં હાલમાં ઉનાળાની ગરમીના કારણે લોકો ભારે ત્રાહિમામ પોકારી ગયા છે. આ સ્થિતિમાં રેલવેમાં મુસાફરી કરતાં નાગરિકોને ઠંડુ પાણી મળી રહે તે માટેની તમામ વ્યવસ્થા કરવા માટે રેલવે મંત્રાલય દ્વારા સૂચના આપવી પડી છે. મંત્રાલયની સૂચના બાદ હવે દરેક સ્ટેશનો પર મુસાફરોને ઠંડુ પાણી મળી રહે તેવું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના અનુસંધાનમાં એનજીઓ અને સ્વૈચ્છીક સંસ્થાઓને પાણીની પરબ શરૂ કરવા માટે આગળ આવવા અપિલ કરવામાં આવશે. રેલવેમાં મુસાફરી કરવા ઈચ્છતાં મુસાફરો માટે ઠંડા પાણીની વ્યવસ્થા કરવી તે સ્ટેશન અધિકારીની ફરજ છે. આમછતાં કેટલાક સ્ટેશનો પર ઉનાળાની કાળજાળ ગરમીમાં પણ મુસાફરોએ ઠંડુ પાણી શોધવા માટે રઝળપાટ કરવો પડતો હતો. અથવા તો સ્ટેશન પર મળતી પાણીની બોટલો પર આધાર રાખવો પડતો હોય છે. તાજેતરમાં રેલવે મંત્રાલયે ઉનાળાની ગરમીમાં ઉભી થતી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને નવેસરથી તમામ સ્ટેશનો પર ઠંડા પાણીની વ્યવસ્થા કરવા સૂચના આપવી પડી હતી.

જેના અનુસંધાનમાં અમદાવાદ રેલવે સ્ટેશન મંડળમાં આવતાં તમામ રેલવે સ્ટેશનો પર ઠંડુપાણી પુરતા જથ્થામાં મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પાણી ખરેખર પીવા લાયક છે કે નહી તેની પણ ચકાસણી કરવામાં આવી હતી.દરેક પાણીના નળની સફાઈ કરવા ઉપરાંત પાણીની સ્વચ્છતાં માટે ક્લોરાઈડ આધારિત સફાઈની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત એનજીઓ અને સ્વૈચ્છીક સંસ્થાઓને સેવાલક્ષી પ્રવૃત્તિઓ અંતર્ગત સ્ટેશનો પર પ્યાઉ એટલે કે પાણીની પરબ શરૂ કરવા માટે અપિલ કરવામાં આવશે. ખાસ કરીને સાધારણ શ્રેણીના કોચ પાસે પાણી વિતરણની વ્યવસ્થા ઉભી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદ પૂર્વની બેઠક પર કોંગ્રેસે હિંમતસિંહ પટેલને ટિકિટ આપી

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૧૬

કોંગ્રેસે અગાઉ રોહન ગુપ્તાને આ બેઠક પર ટિકિટ આપી હતી. જો કે બાદમાં પિતાની માંદગીનો બહાનું આગળ કરીને રોહન ગુપ્તાએ ચૂંટણી લડવાનો ઈનકાર કરી દીધો હતો.પછી થોડા દિવસ પહેલા તેમને દિલ્હીમાં ભાજપનો ખેસ પહેરી લીધો છે. હવે કોંગ્રેસે અમદાવાદ પૂર્વ બેઠક પર હિંમતસિંહ પટેલને ટિકિટ આપી છે.

અમદાવાદ પૂર્વ બેઠક પર અંતે કોંગ્રેસ ફરી ઉમેદવારનું નામ જાહેર કર્યુ છે. રોહન ગુપ્તાના કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ કોંગ્રેસે હવે હિંમતસિંહ પટેલ પર દાવ અજમાવ્યો છે. કોંગ્રેસે અગાઉ રોહન ગુપ્તાને આ બેઠક પર ટિકિટ આપી હતી. જો કે બાદમાં પિતાની માંદગીનો બહાનું આગળ કરીને રોહન ગુપ્તાએ ચૂંટણી લડવાનો ઈનકાર કરી દીધો હતો.પછી થોડા દિવસ પહેલા તેમને દિલ્હીમાં ભાજપનો ખેસ પહેરી લીધો છે. બાપુનગરના ધારાસભ્ય તરીકે હિંમતસિંહ પટેલ પહેલા જવાબદારી નિભાવી ચુક્યા છે. હિંમતસિંહ કોંગ્રેસના કદાવર નેતાઓમાના નેતા માનવામાં આવે છે.તેઓ અમદાવાદ શહેરના મેયર પણ રહી ચૂક્યા છે.

હિંમતસિંહ પોતે અમદાવાદમાં રખિયાલમાં રહે છે. હિંમતસિંહનો જન્મ ૧૯૬૧ની ૧૨મી ડિસેમ્બરના રોજ અમદાવાદમાં થયો હતો. તેમના પિતાનું નામ પ્રહલાદભાઈ છે. તેમના પત્નીનું નામ કેસંતીબેન છે.હિંમતસિંહ પટેલે SSC(ધોરણ-૧૦) સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ વ્યવસાયે બિઝનેસમેન છે.

હાલમાં હિંમતસિંહ અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ છે. તેઓ ઓલ ઈન્ડિયા મેયર કાઉન્સિલના વોઈસ ચેરમેન પણ રહી ચૂક્યા છે.તેમણે યુથ કોંગ્રેસના પ્રમુખ તરીકેની પણ જવાબદારી નિભાવેલી છે. હિંમતસિંહ ચાર ટર્મ કોર્પોરેટર તરીકે અમદાવાદ મહાનગરપાલિકામાં ચૂંટાઈ આવ્યા હતા.નાની ઉંમરથી જ હિંમતસિંહ રાજકારણમાં સક્રિય થઈ ગયા હતા. કોંગ્રેસ સાથે તેમનો જૂનો સંબંધ રહ્યો છે.

અંબાજી મંદિરમાં દર્શન કરવા આવેલા ભક્ત સાથે ઠગાઈ થઈ

બનાસકાંઠા, તા.૧૬

બનાસકાંઠાના અંબાજી મંદિરમાં ભક્તો દૂર દૂરથી મા અંબાના દર્શન અર્થે આવતા હોય છે. ત્યારે કેટલીક વાર તેમના સાથે છેતરપિંડીની ઘટના બનતી હોય છે. આવી જ છેતરપિંડીની ઘટના ચેન્નાઈથી આવેલા ભક્ત સાથે થઈ છે.શક્તિપીઠ અંબાજી ધામમાં દેશભરમાંથી માતાના ભક્તો દર્શન માટે આવતા હોય છે. ત્યારે દરેક ભક્તની ભાવના હોય છે કે તેઓ માતાને ચૂંદડી, પૂજાપો કે ચાંદીના આભૂષણ અર્પણ કરે. પરંતુ કેટલાક લેભાગુ તત્વોએ ભક્તોની શ્રદ્ધાનો ગેરલાભ ઉઠાવીને તેને છેતરવાનું કામ કરતા હોય છે. આવો એક કિસ્સો ફરીવાર સામે આવ્યો છે.

ચેન્નઈથી દર્શન માટે અંબાજી આવેલા ભક્તને કડવો અનુભવ થયો છે. અંબાજી આવેલા ભક્તે દુકાનદાર પાસેથી પૂજાનો સામાન, ચાંદીનો સિક્કાની ખરીદી કરી હતી. વેપારીએ ભક્ત પાસેથી મોટુ મસ બિલ લઈને નકલી ચાંદીનો સિક્કો પધરાવી દીધો હતો. મંદિરના પ્રવેશ દ્વાર નજીક ચકાસણી કરતા ભક્તને ખબર પડી કે તેની સાથે વેપારીએ છેતરપિંડી કરી છે.મંદિરમાં દર્શન માટે આવતા ભાવિકો છેતરાય ત્યારે ભાવિકોની પણ લાગણી દુભાતી હોય છે. ત્યારે બનાસકાંઠા મંદિરના વહિવટદારે આવી છેતરપિંડી કરનારા તત્વોને ચેતવણી આપતા કહ્યું કે ભક્તો સાથે છેતરપિંડી કરનારાઓને છોડવામાં નહીં આવે. આવી છેતરપિંડી કરનારા સામે આકરા પગલા લેવાશે. ચેન્નઈના ભક્ત સાથે છેતરપિંડી કરનાર દુકાનદાર વિરુદ્ધ પોલીસે ફરિયાદ નોંધી વેપારીની અટકાયત કરી છે.

રમી એ જુગાર નથી, પોલીસ ક્લબ-જીમખાનામાં રમતા લોકોને હેરાન ન કરે : ગુજરાત હાઈકોર્ટ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૧૬

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એક આદેશમાં જણાવ્યું છે કે રમીની રમત જુગાર નથી. હાઈકોર્ટે પોલીસ ઓથોરિટીને આદેશ આપ્યો છે કે તેઓ ક્લબ અથવા તો જીમખાનાના સભ્યો દ્વારા તેમના પરિસરમાં રમાતી રમીની રમતમાં દખલ ન કરે. હાઈકોર્ટ રાજનગર ક્લબ એસોસિયેશન દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી.

એક અહેવાલ પ્રમાણે એસોસિયેશને એક ડેક્લેરેશન માંગ્યું હતું કે બોમ્બે પ્રિવેન્શન ઓફ ગેમ્બલિંગ એક્ટ, ૧૯૯૭ રમીની રમત પર લાગુ પડતો નથી. એસોસિયેશને ક્લબ કે પછી જીમખાનાની સુવિધાઓમાં રમાતી રમીની રમતમાં પોલીસની દખલગીરી અટકાવવા માટેના આદેશની પણ વિનંતી કરી.આ કેસમાં અરજદારના વકીલે આંધ્ર પ્રદેશ સ્ટેટ વિરૂદ્ધ સત્યનારાયણ અને અન્યના કેસના ચુકાદાનો સંદર્ભ આપ્યો હતો. તેમણે દલીલ કરી હતી કે રમી મુખ્યત્વે કૌશલ્યની રમત છે અને તકની નથી, તેથી રમી "જુગાર" ની વ્યાખ્યાની બહાર આવે છે અને બોમ્બે પ્રિવેન્શન ઓફ ગેમ્બલિંગ એક્ટ, ૧૮૮૭ હેઠળ ગુનો નથી. અરજીની સુનાવણી પછી હાઈકોર્ટે આદેશ આપ્યો હતો કે, ઉત્તરદાતાઓને નિર્દેશિત કરવામાં આવે છે કે તેઓ સંબંધિત અરજદાર ક્લબ/જીમખાનાના સભ્યો દ્વારા અરજદાર ક્લબ/જીમખાના પરિસરમાં રમાતી રમીની રમતમાં દખલ ન કરે.જોકે, કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે, આ આદેશ સંબંધિત પ્રતિવાદી અથવા તેમની નીચે કામ કરતા અધિકારીઓને સંબંધિત કાયદા અને નિયમોની યોગ્ય જોગવાઈઓ હેઠળ યોગ્ય પગલાં લેવાથી ક્યારેય અટકાવશે નહીં. જો એવું જાણવા મળશે કે ક્લબના સભ્ય અથવા સભ્યો કાયદા અથવા નિયમો હેઠળ વાંધાજનક અથવા તો પ્રતિબંધિત કોઈ પણ રમતો રમે છે તો કાયદા પ્રમાણે તેમની સામે એક્શન લેવામાં આવશે.